

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 077
Dt.: 27-11-2025,
Thursday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### રાષ્ટ્રપતિએ બંધારણના આમુખનું કર્યું વાંચન

# સંસદમાં રાષ્ટ્રપતિ મુર્મૂએ ૯ ભાષામાં બંધારણના અનુવાદનું લોકાર્પણ કર્યું

**રાષ્ટ્રપતિએ ડિજિટલ રૂપે મરાઠી, નેપાળી, પંજાબી, બોડો, કાશ્મીરી, તેલુગુ, ઓડિયા, અસમિયા અને મલયાલમ જેવી ૯ ભાષામાં બંધારણના અનુવાદનું લોકાર્પણ કર્યુ**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

દેશ આજે ૭૬મો બંધારણ દિવસ ઉજવી રહ્યો છે. આ અવસરે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂની અધ્યક્ષતામાં બંધારણ ગૃહના સેન્ટ્રલ હૉલમાં ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સવારે ૧૧ વાગ્યાથી આયોજિત આ કાર્યક્રમમાં ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા, તમામ કેન્દ્રીય મંત્રી અને બંને ગૃહના સાંસદોએ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં ૯ ભાષાઓમાં બંધારણના અનુવાદનું લોકાર્પણ કરવામાં આવ્યું.

રાષ્ટ્રપતિએ ડિજિટલ રૂપે મરાઠી, નેપાળી, પંજાબી, બોડો, કાશ્મીરી, તેલુગુ, ઓડિયા, અસમિયા અને મલયાલમ જેવી ૯ ભાષામાં બંધારણના અનુવાદનું લોકાર્પણ કર્યું. તેમણે કહ્યું કે, આજના દિવસે આખો દેશ બંધારણના નિર્માતાઓ પ્રતિ આદર વ્યક્ત કરે છે. હું બંધારણ દિવસના આ ઐતિહાસિક અવસર પર તમારી વચ્ચે ઉપસ્થિત રહીને ખૂબ પ્રસન્નતા અનુભવું છું. ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના દિવસે બંધારણ ભવનના આ કેન્દ્રીય કક્ષમાં બંધારણ સભાના સભ્યોને ભારતના બંધારણના ડ્રાફ્ટને તૈયાર કરવાનું કાર્ય પૂર્ણ કર્યું હતું. તે જ વર્ષે આપણે- ભારતના લોકોએ- આપણા બંધારણને અપનાવ્યું હતું.

સંસદના સેન્ટ્રલ હૉલમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ બંધારણના આમુખનું વાંચન કર્યું હતું. ત્યારબાદ રાષ્ટ્રગાનનું ગાવામાં આવ્યું. આ દરમિયાન ઉપરાષ્ટ્રપતિ સી.પી રાધાકૃષ્ણન, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અધ્યક્ષ ઓમ બિરલા, સંસદીય કાર્ય મંત્રી સહિત તમામ અતિથિ હાજર રહ્યા હતા.

ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના અધ્યક્ષ સી.પી રાધાકૃષ્ણને આ કાર્યક્રમમાં કહ્યું કે, આ એ દેશવાસીઓની સામૂહિક બુદ્ધિમત્તા, ત્યાગ અને સપનાનું પ્રતીક છે. જેણે સ્વાતંત્ર્યની લડાઈ લડી હતી. મહાન વિદ્વાનો, ડ્રાફ્ટિંગ કમિટિ અને બંધારણ સભાના સભ્યોએ કરોડો ભારતીયોની આશા અને આકાંક્ષાઓને પૂરી કરવા માટે ઊંડા અને દૂરદર્શી વિચાર આપ્યા. તેમના નિઃસ્વાર્થ યોગદાને ભારતને આજે દુનિયાનું સૌથી મોટું લોકતંત્ર બનાવ્યું છે. જમ્મુ-કાશ્મીરમાં અનુચ્છેદ ૩૭૦ દૂર કર્યા બાદ ૨૦૨૪માં આયોજિત ચૂંટણીમાં મોટી સંખ્યામાં થયેલા મતદાને એકવાર ફરી આપણા લોકતંત્રનો વિશ્વાસ દર્શાવ્યો છે. હાલમાં જ થયેલી બિહાર ચૂંટણીમાં ખાસ કરીને મહિલાઓનો ભારે ઉત્સાહ મોટી સંખ્યમાં મતદાને લોકતંત્રના મુગટમાં એક અનમોલ હીરો જડી દીધો છે.



### જાહેર હિત એક જ ધર્મ પુરતુ સિમિત ના હોઈ શકે : એસજી

## હેટ સ્પીચના તમામ મામલા પર નજર ના રાખી શકીએ : સુપ્રીમ

**સુપ્રીમ કોર્ટમાં થયેલી અરજીમાં દાવો કરાયો હતો કે એક ચોક્કસ વર્ગના લોકોનો આર્થિક અને સામાજિક રીતે બહિષ્કાર કરવાનું કેમ્પેઇન ચલાવાય છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

હેટ સ્પીચના એક મામલાની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે દેશમાં પહેલાથી જ પોલીસ સ્ટેશન, હાઈકોર્ટો છે. એવામાં દરેક નાની ઘટના પર ધ્યાન આપવું અમારા માટે શક્ય નથી. સાથે જ અરજદારને હાઈકોર્ટમાં અપીલ કરવા કહ્યું હતું. સુપ્રીમ કોર્ટમાં એક અરજી થઈ હતી જેમાં દાવો કરાયો હતો કે એક ચોક્કસ વર્ગના લોકોનો આર્થિક અને સામાજિક રીતે બહિષ્કાર કરવાનું કેમ્પેઇન ચલાવાય છે. જેને અટકાવવા માટે કડક કાયદો ઘડવા આદેશ આપવામાં આવે. જોકે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ વિક્રમનાથ, ન્યાયાધીશ સંદીપ મેહતાની બેંચે કહ્યું હતું કે જો તમને કોઈ રાજ્યના



મામલાને લઈને સમસ્યા હોય તો જે તે રાજ્યની હાઈકોર્ટનો સંપર્ક કરવામાં આવે. જો જનહિત સામેલ હશે તો તેના પર ધ્યાન આપશે. આ સાથે જ સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે સમગ્ર દેશમાં આવી નાની મોટી ઘટનાઓ પર સુપ્રીમ કોર્ટ નજર કેવી રીતે રાખી શકે? તમે પ્રશાસન સમક્ષ રજુઆત કરો અને તેમને પગલા લેવા દો. અન્યથા હાઈકોર્ટ જાવ. જ્યારે સોલિસિટર જનરલ તુષાર મેહતાએ કહ્યું હતું કે જાહેર હિત માત્ર કોઈ ચોક્કસ ધર્મ પુરતુ સિમિત ના રાખી શકાય. તમામ ધર્મોમાં ઉશ્કેરણીજનક ટિપ્પણીઓ થાય છે. અરજદારના વકીલને આ મુદ્દે ધ્યાન દોરીશ અને પછી તેઓ તમામ ધર્મોના લોકોની હેટ સ્પીચ મુદ્દે કાર્યવાહીની માગણી કરે.

### યુએસ અધિકારીઓ અને રશિયન અધિકારીઓ વચ્ચે મુલાકાત

## અમેરિકા અને રશિયાના અધિકારીઓ વચ્ચે અબુ ધાબીમાં થઈ વાતચીત

(સંપૂર્ણ સમાચાર સેવા)રશિયા

લગભગ ચાર વર્ષ ચાલેલા યુદ્ધને સમાપ્ત કરવા માટે અમેરિકા અને રશિયા વચ્ચેના પ્રયાસો વધુ તીવ્ર બન્યા છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે કહ્યું હતું કે યુક્રેનમાં યુદ્ધ સમાપ્ત કરવાની તેમની યોજના "સારી રીતે ઘડવામાં આવી છે". તેઓ તેમના રાજદૂત સ્ટીવ વિટકોફને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે મુલાકાત માટે મોકલી રહ્યા છે, જ્યારે આર્મી સેક્રેટરી ડેન ડ્રિસ્કોલ યુક્રેનિયન અધિકારીઓ સાથે મુલાકાત કરશે. યુએસ આર્મી સેક્રેટરી ડેન ડ્રિસ્કોલે રશિયન અધિકારીઓ સાથે આ વાટાઘાટો કરી હતી. ડ્રિસ્કોલના પ્રવક્તા, લેફ્ટનન્ટ કર્નલ જેફ ટોલબર્ટે જણાવ્યું હતું કે, "સોમવાર રાત્રે અને મંગળવારે, સેક્રેટરી ડ્રિસ્કોલ અને તેમની ટીમે અબુ ધાબીમાં રશિયન પ્રતિનિધિમંડળ સાથે યુક્રેનમાં કાયમી શાંતિ પ્રાપ્ત કરવાના મુદ્દા પર ચર્ચા કરી હતી. અને વાટાઘાટો ખૂબ સારી રહી.વાતચીતમાં બરાબર શું ચર્ચા થઈ હાલ તે સ્પષ્ટ નથી થયુ. એક યુએસ અધિકારીએ જણાવ્યું હતું કે ડ્રિસ્કોલ અબુ ધાબીમાં યુક્રેનિયન અધિકારીઓ સાથે પણ મુલાકાત કરી શકે છે.ટ્રમ્પે યુક્રેનને આ શરતો સાથે શાંતિ યોજના સ્વીકારવા માટે ૨૭ નવેમ્બર સુધીનો સમય આપ્યો છે. દરમિયાન, યુક્રેનિયન રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ કહ્યું છે કે તેઓ રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે સંવેદનશીલ મુદ્દાઓ પર ચર્ચા કરશે. ઝેલેન્સકીએ યુરોપિયન નેતાને યુક્રેનમાં "આશ્વાસન દળ" તૈનાત કરવા માટે માળખા પર વાટાઘાટો કરવા અને મોસ્કો યુદ્ધનો અંત લાવવાની ઈચ્છાશક્તિ દર્શાવે ત્યાં સુધી યુક્રેનને ટેકો આપવાનું ચાલુ રાખવા વિનંતી કરી છે.

અમેરિકાએ યુક્રેન માટે ૨૮-મુદ્દાની શાંતિ યોજનાનો મુસદ્દો તૈયાર કર્યો છે જેનો હેતુ યુદ્ધનો અંત લાવવાનો છે. તેમાં યુક્રેન માટે યુદ્ધ દરમિયાન રશિયા દ્વારા કબજે કરાયેલા ડોનેટ્સક અને લુહાન્સ્ક પ્રાંતો પરનો પોતાનો દાવો છોડી દેવા, તેનું લશ્કરી કદ ઘટાડવા, નાટોમાં જોડાવાની ઈચ્છા છોડી દેવા અને યુદ્ધ સમાપ્ત થયા પછી યુરોપિયન સૈનિકો તૈનાત કરવાથી દૂર રહેવાની શરતોનો સમાવેશ થાય છે.

### ગુજરાતને ૧૨૦. ૬૫ કરોડની પેનલ્ટી

## જળ જીવન મિશનમાં ગડબડ પર PM મોદીનું કડક વલણ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દરેક ઘરને નળથી જળ પૂરું પાડવાના ઉદ્દેશ્ય ધરાવતા મહત્વાકાંક્ષી જળ જીવન મિશનમાં ગેરરીતિઓની ફરિયાદો બાદ, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અનેક રાજ્યોમાં કડક વલણ અપનાવ્યું છે. માહિતી અનુસાર, PM નરેન્દ્ર મોદીએ જળ શક્તિ મંત્રાલયને જ્યાં પણ ગેરરીતિઓની ફરિયાદો મળી છે ત્યાં કડક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે. વધુમાં, વડા પ્રધાન મોદીએ નિર્દેશ આપ્યો છે કે કેન્દ્ર સરકાર આવા કિસ્સાઓમાં રાજ્ય સરકાર પગલાં ન લે ત્યાં સુધી મિશન માટે પોતાની તરફથી એક પણ પૈસો જારી ના કરે.વડા પ્રધાને સ્પષ્ટપણે કહ્યું છે કે આપણે ભ્રષ્ટાચાર પ્રત્યે શૂન્ય સહિષ્ણુતા સાથે આગળ વધવું જોઈએ અને દોષિતો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. દરમિયાન, જળ શક્તિ મંત્રી સીઆર પાટીલે પણ કહ્યું છે કે દોષિતોને બક્ષવામાં આવશે નહીં.

ખરેખર, જળ જીવન મિશનમાં ગેરરીતિઓની ફરિયાદો મળ્યા પછી, તાલીમ પામેલા કેન્દ્રીય ઓડિટ અધિકારીઓ ને સમગ્ર દેશનું ઓડિટ કરવા માટે મોકલવામાં આવ્યા હતા. તેમણે તેમના અહેવાલો સબમિટ કર્યા છે, અને રાજ્ય સરકારોને તેમના અહેવાલોના આધારે કાર્યવાહી કરવા કહેવામાં આવી છે. જેમાં અત્યાર સુધીમાં, ૨૦ રાજ્યો આસામ, છત્તીસગઢ, ગુજરાત, હરિયાણા, ઝારખંડ, કર્ણાટક, કેરળ, લદ્દાખ, મધ્યપ્રદેશ, ઉત્તરાખંડ, મહારાષ્ટ્ર, મણિપુર, મેઘાલય, ઓડિશા, રાજસ્થાન, ત્રિપુરા, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ, પંજાબ અને પશ્ચિમ બંગાળે કેન્દ્ર સરકારને આવી ફરિયાદો પર કાર્યવાહી કરાયેલા અહેવાલો સબમિટ કર્યા છે.

કેન્દ્ર સરકારે ૨૦૧૯ માં જળ જીવન મિશન શરૂ કર્યું હતું, જેનો ઉદ્દેશ્ય પાંચ વર્ષમાં દેશના દરેક ઘરને નળ દ્વારા પાણી પહોંચાડવાનો છે. ગુજરાત ઉપરાંત, કેન્દ્ર સરકારે તમિલનાડુથી ૩ લાખ, ત્રિપુરાથી ૧.૨૨ કરોડ, આસામથી ૫.૦૮ લાખ, મહારાષ્ટ્રથી ૨.૦૨ કરોડ, કર્ણાટકથી ૧.૦૧ કરોડ અને રાજસ્થાનથી ૫.૩૪ કરોડની વસૂલાત શરૂ કરી છે.કેન્દ્ર સરકારે યોજનાના અમલીકરણમાં અનિયમિતતા બદલ ગુજરાતથી ૧૨૦.૬૫ કરોડ દંડની વસૂલાત શરૂ કરી છે અને અત્યાર સુધીમાં ૬.૬૫ કરોડ વસૂલ કર્યા છે. સાત રાજ્યો પર લાદવામાં આવેલા કુલ ૧૨૯.૨૭ કરોડ દંડમાંથી, કેન્દ્ર સરકારે અત્યાર સુધીમાં ૧૨.૯૫ કરોડ વસૂલ કર્યા છે.

યોજના માટે પ્રારંભિક ફાળવણી ૩.૬૦ લાખ કરોડ હતી, પરંતુ અત્યાર સુધીમાં ૪.૩૩ લાખ કરોડથી વધુ ખર્ચ કરવામાં આવ્યો છે. આ યોજનાના અમલીકરણમાં કથિત ભ્રષ્ટાચારની ફરિયાદો દેશભર માંથી આવી રહી છે, જેના કારણે સરકારે જમીની સ્તરે ચકાસણી શરૂ કરી દીધી છે.આ રાજ્યોમાં અનિયમિતતાના ૬૦૭ કેસ ઓળખાયા હતા, અને ૬૨૧ વિભાગીય અધિકારીઓ, ૯૬૯ કોન્ટ્રાક્ટરો અને ૧૫૩ તૃતીય-પક્ષ નિરીક્ષણ એજન્સીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. રાજસ્થાનમાં, એક ભૂતપૂર્વ મંત્રી, મહેશ જોશીની ધરપકડ કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં, ૨૦ અધિકારીઓ, ૧૦ કોન્ટ્રાક્ટરો અને એક TPIA સામે FIR દાખલ કરવામાં આવી છે.

### યુક્રેને રશિયા પર કરેલા હુમલામાં ત્રણનાં મોત થયા

## અમેરિકાની શાંતિ સમજૂતી વચ્ચે રશિયાનો યુક્રેન પર હુમલો : ૬નાં મોત

**રશિયાએ ૨૨ મિસાઈલો અને ૪૬૦ ડ્રોનથી હુમલો કરતા કીવમાં વીજળી અને પાણી પુરવઠો ખોરવાયો : હીટ સિસ્ટમમાં અવરોધ**

(સંપૂર્ણ સમાચાર સેવા)કીવ

રશિયાએ સમગ્ર રાત યુક્રેનની રાજધાની કીવની ઈમારતો અને એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર કરેલા હુમલામાં ઓછામાં ઓછા ૭ લોકોનાં મોત થયા છે.

યુક્રેને કરેલા હુમલામાં દક્ષિણ રશિયામાં ત્રણ લોકોનાં મોત થયા છે અને મકાનોને નુકસાન થયું છે તેમ સત્તાવાળાઓએ એક નિવેદનમાં જણાવ્યું છે. આ હુમલા એવા સમયે થઈ રહ્યાં છે જ્યારે અમેરિકા લગભગ ચાર વર્ષથી ચાલી રહેલા યુદ્ધને સમાપ્ત કરવા અને અમેરિકાની શાંતિ યોજના પર મંત્રણા માટે ફરીથી પ્રયત્ન કરી રહ્યું છે. એક અમેરિકન અધિકારીએ પત્રકારોને જણાવ્યું હતું કે આર્મી સેક્રેટરી ડેન ડ્રિસ્કોલે અબુ ધાબીમાં રશિયન અધિકારીઓ સાથે કલાકો સુધી મંત્રણા કરી હતી.

### ૧ ડિસેમ્બર સુધીમાં માંગ્યો જવાબ

## SIR કરતાં-કરતાં ૨૩ BLO ના મોત, સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચની ઝાટકણી કાઢી

**સુપ્રીમ કોર્ટે આજે તમિલનાડુ, કેરળ, પશ્ચિમ બંગાળ, પુડુચેરી અને બિહારની SIR અરજીઓ પર સુનાવણી કરી હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

SIR કેસમાં ૨૩ BLO ના મોતના આરોપો પર સુપ્રીમ કોર્ટે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જી સરકારનું પ્રતિનિધિત્વ કરતા વકીલે આ સંદર્ભમાં માહિતી પૂરી પાડી હતી, જેના પગલે કોર્ટે ચૂંટણી પંચ પાસેથી સ્પષ્ટતા માંગી હતી. સુપ્રીમ કોર્ટે રાજ્ય અને કેન્દ્રીય ચૂંટણી પંચોને ૧ ડિસેમ્બર સુધીમાં તેમના જવાબો દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ સાથે, કેરળ, તમિલનાડુ અને પુડુચેરીમાં SIR કેસોની આગામી સુનાવણી ૯ ડિસેમ્બરે થશે. આ મામલો મતદારોના રક્ષણ અને ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતાનો છે.

સંબંધિત રાજ્ય ચૂંટણી પંચોને ૧ ડિસેમ્બર સુધીમાં તેમના જવાબો દાખલ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. વરિષ્ઠ વકીલ રાકેશ દ્વિવેદીએ બેન્ચને માહિતી આપી હતી કે, અરજી મદ્રાસ હાઈકોર્ટમાં પહેલાથી જ દાખલ કરવામાં આવી છે. રાજ્ય ચૂંટણી પંચે જણાવ્યું હતું કે, તેને કોઈ સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો નથી અને કમિશન અને રાજ્ય કમિશન નજીકથી સંકલન કરી રહ્યા છે. ૯૯ ટકા મતદારોને તેમના ફોર્મ મળ્યા છે, જેમાંથી ૫૦ ટકાથી વધુ ડિજિટલ સ્વરૂપમાં છે. CJI એ કેરળ SIR મામલે અલગ સ્ટેટસ રિપોર્ટ દાખલ કરવાનો આદેશ આપ્યો હતો.સુપ્રીમ કોર્ટમાં અરજદારનું પ્રતિનિધિત્વ કરતા વકીલે દાવો કર્યો હતો કે, SIRના દબાણ હેઠળ ૨૩ BLO મૃત્યુ પામ્યા છે. પશ્ચિમ બંગાળ સરકારનું પ્રતિનિધિત્વ કરતા વકીલે પણ આ વાતની પુષ્ટિ કરી હતી. કોર્ટે આ ગંભીર બાબતે ચૂંટણી પંચ પાસેથી સ્પષ્ટતા માંગી છે. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે, તે કેરળ રાજ્ય ચૂંટણી પંચને પણ તેનો જવાબ દાખલ કરવાની મંજૂરી આપશે.બંગાળના મુખ્યમંત્રી અને તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનર્જીએ SIR સામે વાંધો વ્યક્ત કરતા ચૂંટણી પંચને બે પત્રો લખી ચૂક્યા છે. તેમણે SIR પ્રક્રિયા તાત્કાલિક બંધ કરવાની પણ માંગ કરી છે.




## તંત્રી લેખ......

### રાષ્ટ્રીય ચેતનાનો ઉદય, રામ મંદિરના શિખર પર ધર્મ ધ્વજની સ્થાપના

અયોધ્યામાં રામ મંદિરના શિખર પર ધર્મ ધ્વજની સ્થાપના માત્ર મંદિરના નિર્માણની પૂર્ણતા જ નહીં પરંતુ ભારતની સાંસ્કૃતિક ચેતનાની ઘોષણા પણ કરે છે. આ ઘટના પાંચ સદી જૂના સંઘર્ષનો અંત દર્શાવે છે. ભગવાન રામના જન્મસ્થળ પર ભવ્ય મંદિર બનાવવાની ઈચ્છાને પૂર્ણ થવામાં આટલો સમય લાગ્યો કારણ કે સ્વતંત્રતા પછી જે કાર્યને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી જોઈતી હતી, તે સંકુચિત રાજકીય કારણોસર અવગણવામાં આવ્યું. કોઈપણ સ્વાભિમાની રાષ્ટ્રની પહેલી જવાબદારી એ છે કે તે સ્વતંત્ર થતાંની સાથે જ તેના પરના તાબેદારીના ચિહ્નો ભૂંસી નાખવા. વિશ્વભરના ઘણા દેશોએ તેનું પાલન કર્યું છે. રશિયન સામ્રાજ્ય દ્વારા બાંધવામાં આવેલા ઓર્થોડોક્સ ચર્ચને તોડી પાડવાનો પોલેન્ડનો નિર્ણય આ સંદર્ભમાં એક ઉદાહરણ છે, પરંતુ ભારત, તેના છુપી ધર્મનિરપેક્ષતા અને તેના સાંસ્કૃતિક વારસામાં ગર્વના અભાવને કારણે, આવું ઉદાહરણ બેસાડવાનું ટાળ્યું છે. જેમ સોમનાથ મંદિરનું પુનઃસ્થાપન કરવામાં આવ્યું હતું, તેમ કાશી અને મથુરાના મંદિરોને પણ મુક્ત કરાવવા જોઈતા હતા, જેનાથી અયોધ્યામાં રામ મંદિરના નિર્માણનો માર્ગ મોકળો થયો. જો સદીઓ રાહ જોયા પછી આખરે અયોધ્યામાં રામ મંદિર બનાવવામાં આવ્યું હતું, તો તે ફક્ત એટલા માટે નથી કારણ કે ન્યાયતંત્રએ આખરે વિવાદનો ઉકેલ લાવવાનો નિર્ણય લીધો. મોદી સરકારે અનુકૂળ પરિસ્થિતિઓ બનાવી હોવાથી ન્યાયતંત્ર આ વિવાદનો ઉકેલ લાવવામાં સક્ષમ હતું. તેનાથી વિપરીત, મોટાભાગની અગાઉની સરકારોએ આવી પરિસ્થિતિઓ બનાવવાને બદલે, વિવાદનો ઉકેલ ન આવે તે માટે પ્રયાસો કર્યા. એ વાતને અવગણી શકાય નહીં કે સુપ્રીમ કોર્ટે પણ અયોધ્યા વિવાદ પર રાષ્ટ્રપતિ દ્વારા ઉલ્લેખિત પ્રશ્નની નોંધ લેવાનો ઈનકાર કર્યો હતો. આ સંકુચિત રાજકારણ તેમજ મેકોલેની શિક્ષણ પ્રણાલીમાંથી જન્મેલી માનસિકતાને કારણે હતું, જેમાંથી વડા પ્રધાન મોદીએ અયોધ્યામાં મુક્તિની જરૂરિયાત વ્યક્ત કરી હતી. તેમણે અગાઉ આ ગુલામ માનસિકતાને સંપૂર્ણપણે નાબૂદ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. મેકોલેની શિક્ષણ પ્રણાલીમાંથી જન્મેલી માનસિકતાએ ભારતીય સમાજને તેની સમૃદ્ધ સાંસ્કૃતિક ચેતનાથી દૂર જ નહીં પરંતુ તેના વારસા પ્રત્યે હીનતાની આત્મઘાતી લાગણી પણ પેદા કરી. વડા પ્રધાન આગામી દસ વર્ષમાં આ માનસિકતામાંથી મુક્તિ મેળવવા માટે કટિબદ્ધ છે, પરંતુ આ સરળ કાર્ય નથી. આ માટે શિક્ષણ પ્રણાલીમાં આમૂલ પરિવર્તનની જરૂર પડશે, જે હજુ પણ મેકોલે યુગના શિક્ષણના અવશેષો ધરાવે છે અને જે લોકોને તેમની સંસ્કૃતિ અને વારસા પર ગર્વ કરવામાં ખચકાટ અનુભવે છે.

# અમદાવાદ રેલવે સ્ટેશન પર નવા એ.સી. વેઈટિંગ હોલનું લોકાર્પણ કર્યુ

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં મુસાફરો માટેની સુવિધાઓને શુદ્ધિકરણ ની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભરતાં આજે ૨૬.૧૧.૨૦૨૫ના રોજ અમદાવાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં ૧ પર આધુનિક એ.સી. વેઈટિંગ હોલનુ લોકાપર્ણ માનનીય સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણા અને માનનીય વિધાનસભ્ય શ્રી કૌશિક જૈન દ્વારા કરવામાં આવ્યું હતું.



નવું વેઈટિંગ હોલ આધુનિક ડિઝાઈન, સ્વચ્છ વાતાવરણ અને ઉચ્ચ સ્તરની મુસાફર સુવિધાઓને ધ્યાનમાં રાખીને વિકસાવવામાં આવ્યું છે, જેથી મુસાફરોને સ્ટેશન પર રાહ જોવાના સમય દરમિયાન વધુ આરામ અને સુવિધા મળી રહે.

નવનિર્મિત વેઈટિંગ હોલનું કુલ ક્ષેત્રફળ ૪૨૪૦ વર્ગ ફૂટ છે અને તેમાં આશરે ૨૫૦ મુસાફરો બેસી શકે તેવી ક્ષમતા છે?

મુસાફર શુલ્ક (User Charges)

લાઈસેંસી દ્વારા મુસાફરો પાસેથી નીચે મુજબ શુલ્ક વસૂલ કરવામાં આવશે

- પ્રૌઢ મુસાફરો માટેઃ રૂા.૨૦ પ્રતિ કલાક
- ૫ થી ૧૨ વર્ષની ઉંમરના બાળકો માટેઃ રૂા.૧૦ પ્રતિ કલાક

સુવિધાઓ અને પ્રાવધાન

નવા એ.સી. વેઈટિંગ હોલમાં મુસાફરોની સુવિધા માટે અનેક આધુનિક વ્યવસ્થાઓ કરવામાં આવી છે

- કુલ ૨૫૦ મુસાફરો માટે આરામદાયક બેઠક ક્ષમતા.
- પીવાના પાણી અને રિફ્રેશમેન્ટ સ્ટોલ, જ્યાં ગરમ અને ઠંડા પીણાં, નાસ્તા, હલકા ભોજન, નાસ્તો, મીઠાઈ અને બેકરી આઈટમ્સ ઉપલબ્ધ રહેશે.
- સેલ્ફ-ડિસ્પેન્સિંગ મશીન ના માધ્યમ થી નૉન-અલ્કોહોલિક પીણાં ઉપલબ્ધ રહેશે.
- ચા અને કોફી જેવા રિફ્રેશમેન્ટ બજારભાવે, રેલ્વેની મંજૂરીથી ઉપલબ્ધ.
- મુસાફરોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ટ્રેવલ ડેસ્ક સુવિધા.
- અખબાર, મેગેઝિન, પુસ્તકો, ટોયલેટરીઝ અને ઓટીસી દવાઓની વેચાણ વ્યવસ્થા (યોગ્ય ડ્રગ લાઈસન્સ સાથે).
- પુરુષ અને મહિલા મુસાફરો માટે જુદા અને સ્વચ્છ શૌચાલય તથા સ્નાનગૃહની વ્યવસ્થા.
- સ્નાનગૃહમાં ગરમ પાણી માટે ગીઝરની સુવિધા.
- મોબાઈલ તથા ઈલેક્ટ્રોનિક ઉપકરણો માટે પૂરતી ચાર્જિંગ પોઈન્ટ્સ.

મુસાફરોને મળનારા લાભો

આ આધુનિક એ.સી. વેઈટિંગ રૂમ શરૂ થતાં મુસાફરોને અનેક પ્રકારના સીધા ફાયદા મળશે.

- સ્વચ્છ, સુરક્ષિત અને શાંત વાતાવરણમાં આરામદાયક પ્રતિક્ષાલય ની સુવિધા.
- ભીડથી મુક્ત અને નિયંત્રિત તાપમાનવાળા રૂમમાં બેઠકોની વ્યવસ્થા, જે મુસાફરોના થાકમાં ઘટાડો લાવશે
- લાંબા અંતરની મુસાફરી કરનાર, વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ અને બાળકો માટે વધુ સારો અને સુરક્ષિત આરામ વિકલ્પ.
- રિફ્રેશમેન્ટ, પીણાં, વાંચન સામગ્રી અને અન્ય જરૂરી વસ્તુઓ એક જ સ્થળે ઉપલબ્ધ હોવાથી સુવિધામાં વધારો.
- ટૂંક સમયમાં ટ્રાવેલ કિયોસ્ક પણ શરૂ થશે, જેના દ્વારા મુસાફરો અમદાવાદથી અન્ય સ્થળો પર જવા માટે ટિકિટ બુક કરી શકશે.

આ એ.સી. વેઈટિંગ હોલનો કરાર મૂલ્ય રૂા.૫ કરોડ ૫૦ લાખ અને કરાર અવધિ ૫ વર્ષ નક્કી કરવામાં આવી છે.

આ નવો એ.સી. વેઈટિંગ રૂમ અમદાવાદ મંડળ દ્વારા મુસાફરોને આરામદાયક, સુરક્ષિત અને વિશ્વસ્તરીય અનુભવ આપવા માટે કરવામાં આવેલ એક વધુ મહત્વપૂર્ણ પગલું છે.

મંડળ મુસાફરોની સુવિધા વધારવા અને સ્ટેશન પરિસરમાં વધુ સારું વાતાવરણ પ્રદાન કરવા સતત પ્રયત્નશીલ છે.

### રાજ્ય મંત્રીમંડળના સભ્યો સહિત ઉપસ્થિત સૌએ બંધારણના આમુખનું કર્યું સામૂહિક પઠન

# ભારતનું બંધારણ સ્વાતંત્ર્ય સેનાનીઓની મહેનતનું અર્કઃ વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી



વિધાનસભા પોડિયમ ખાતે બંધારણ દિવસ નિમિત્તે વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં બંધારણનું પૂજન અને બંધારણના આમુખનું વાંચન કરાયું હતું. રાજ્ય મંત્રીમંડળના સભ્યો સહિત ઉપસ્થિત સૌએ બંધારણના આમુખનું સામૂહિક પઠન કર્યું હતું.આ પ્રસંગે ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતુ કે, ભારતનું બંધારણ વિશ્વનું સૌથી મોટું લેખીત બંધારણ છે. ભારતનું બંધારણ દેશને આઝાદી અપાવનારા બાહોશ સ્વાતંત્ર્યસેનાનીઓની મહેનતનું અર્ક છે. ભારતીયતા આપણો ધર્મ છે તો બંધારણ આપણો ધર્મગ્રંથ છે. સંવિધાનના સુયોગ્ય અમલીકરણ થકી નાગરીકોના જીવન સરળ બની રહ્યાં છે. નાગરીકોની સમસ્યાઓનો ઉકેલ આપણાં બંધારણમાં છે. સંવિધાનમાં લોક કલ્યાણ, કાયદો, ન્યાય, સુરક્ષા નાગરીકોના હક અને ફરજો તમામનો સમાવેશ કરવામાં આવ્યો છે. બંધારણને માત્ર પુસ્તક સ્વરૂપે ન જોતાં તેના રાષ્ટ્રહિત સર્વોપરીના ભાવને જીવન શૈલી બનાવવા અધ્યક્ષશ્રીએ અનુરોધ કર્યો હતો.બંધારણના આમુખ વાંચન પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી મીરાબેન પટેલ, ઊર્જા મંત્રી શ્રી ઋષિકેશ પટેલ, સામજિક ન્યાય અધિકારીતા મંત્રી શ્રી પ્રધ્યુમનભાઈ વાજા, કૃષિ રાજ્ય મંત્રી શ્રી રમેશ કટારા, શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રી દર્શનાબેન વાઘેલા, કાયદા રાજ્ય મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયા, રાજ્યમંત્રી શ્રી સ્વરૂપજી ઠાકોર, શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી રીવાબા જાડેજા, ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ, વિધાનસભા સચિવ શ્રી સી. બી. પંડ્યા સહિત અધિકારીઓ-કર્મચારીઓ તથા જે. એમ. ચૌધરી શાળાના વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતા. - ઋચા રાવલ

### ભાવનગર મંડળમાં મંડળ રેલ પ્રબંધકે ''સંવિધાન દિવસ'' નિમિત્તે રાષ્ટ્રીય અખંડિતાની શપથ લેવડાવી



પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળમાં, ૨૬ નવેમ્બર ૨૦૨૫ (બુધવાર)ના રોજ મંડળ કચેરી ખાતે ''સંવિધાન દિવસ'' (Constitution Day) ઉલ્લાસપૂર્વક મનાવવામાં આવ્યો. મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ સંવિધાન દિવસના અવસરે ભાવનગર મંડળના અધિકારીઓ અને કર્મચારીઓને ભારતના સંવિધાનની ઉદ્દેશિકા વાંચી સંભળાવી અને સંવિધાન પ્રત્યે સંકલ્પબદ્ધ તથા સમર્પિત રહેવા તેમજ રાષ્ટ્રીય અખંડિતાની શપથ લેવડાવી. રાષ્ટ્રમાં સામ્પ્રદાયિક સદભાવ જળવાઈ રહે તે માટે અધિકારીઓ અને કર્મચારીઓને રાષ્ટ્રપ્રતિ સમર્પિત રહી સેવા આપવા શપથ લેવડાવવામાં આવી. સંવિધાન દિવસના સંદર્ભમાં મંડળ રેલ પ્રબંધકેએ ભારતને સંપૂર્ણ પ્રભુત્વ ધરાવતું સમાજવાદી, પંથનિરપેક્ષ, લોકશાહી ગણરાજ્ય બનાવવા તથા નાગરિકોને સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય, વિચાર–અભિવ્યક્તિ–વિશ્વાસ–ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા, પ્રતિષ્ઠા અને અવસરમાં સમાનતા મળવી તે માટે, તેમજ વ્યક્તિની ગૌરવભાવના સાથે રાષ્ટ્રની એકતા અને અકંડિતા સુનિશ્ચિત કરતું ભાઈચારો વિકસે તે દિશામાં સંકલ્પબદ્ધ રહેવાની શપથ લેવડાવી. ભાવનગર મંડળના તમામ સ્ટેશનો, ડેપો, કચેરીઓ તેમજ વર્કશોપોમાં અધિકારીઓ, પર્યવેક્ષકો અને કર્મચારીઓ દ્વારા સંવિધાનની ઉદ્દેશિકા વાંચીને ઉત્સાહભેર ''સંવિધાન દિવસ'' ઉજવાયો.

### અખંડ ભારતના આર્કીટેકઃ સરદાર પટેલ

# ૫૬૨ રજવાડાઓને એક કરનાર સરદાર પટેલનો 'લોખંડી' સંકલ્પ

આઝાદી પછી ભારતને સ્વતંત્રતા તો મળી ગઈ પણ દેશનું હૃદય હજુ અનેક ટૂકડાઓમાં વહેંચાયેલું હતું. ભારતીય ઉપખંડમાં ફેલાયેલા ૫૬૨ દેશી રજવાડાંઓનું ભવિષ્ય એક પડકાર હતો.

બ્રિટિશ સત્તાએ આઝાદીની સાથે જ આ રજવાડાંઓને સ્વતંત્ર રહેવાનો વિકલ્પ આપીને ભારતને અસંખ્ય નાના ટુકડાઓમાં વહેંચવાની રમત રમી હતી. જો આ રજવાડાંઓ સ્વતંત્ર રહી જાત, તો ભારતમાં કાયમી અરાજકતા અને અસ્થિરતા ફેલાઈ જતી. આ સ્થિતિમાં એક એવું વ્યક્તિત્વ ઉભું હતું, જેની આંખોમાં ભારતનો એકીકૃત નકશો પહેલેથી જ દેખાતો હતો અને તે હતા અખંડ ભારતના આર્કીટેક આપણા સરદાર વલ્લભભાઈ પટેલ.

આ કપરી સ્થિતિમાં, ભારતીય સંઘની સુરક્ષા અને એકતાની જવાબદારી સરદાર વલ્લભભાઈ પટેલના ખભા પર આવી. ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી તરીકે તેમણે અને તેમના સચિવ વી.પી. મેનન સાથે મળીને એક એવી અજોડ વ્યૂહરચના અપનાવી, જેમણે અખંડ ભારતનું નિર્માણનું કાર્ય શાંતિ અને સફળતાપૂર્વક પાર પાડ્યું.

સરદાર વલ્લભભાઈ પટેલની દૂરંદેશી નીતિની સૌથી મોટી અસર એ છે કે આજે ભારત એક સંયુક્ત અને અખંડિત રાષ્ટ્ર છે. જો પટેલે આ વિલીનીકરણ સફળતાપૂર્વક ન કર્યું હોત, તો દેશ ૫૦૦થી વધુ નાના, અસ્થિર અને સંઘર્ષિત દેશોમાં વહેંચાઈ જાત. વહીવટી અને આર્થિક એકતાને કારણે રાષ્ટ્રીય સ્તરની યોજનાઓનો અમલ સરળ બન્યો, જેણે આધુનિક ઔદ્યોગિકીકરણને વેગ આપ્યો. સરદાર પટેલની આ નીતિએ આધુનિક ભારત માટે એક મજબૂત, એકીકૃત અને કેન્દ્રીયકૃત રાષ્ટ્રનો આધાર તૈયાર કર્યો. તેમની દૂરંદેશીના પરિણામે જ આજે ભારતે એક સ્થિર અને મજબૂત લોકશાહી તરીકે વિશ્વ સમક્ષ પોતાની આગવી ઓળખ સ્થાપિત કરી છે.

માત્ર થોડા દિવસોમાં રાજવાડાંઓનું શાંતિપૂર્ણ વિલીનીકરણ એ વિશ્વ ઈતિહાસમાં દુર્લભ ઘટના તરીકે કંડારાઈ છે. આ એકીકરણથી દ્વિ-વહીવટી વ્યવસ્થા દૂર થઈ, કોમન માર્કેટ અને મુક્ત વેપાર શક્ય બન્યા, રાષ્ટ્રીય આયોજન માટે માર્ગ ખુલ્યો અને કરોડો નાગરીકોને બંધારણીય અધિકારો પ્રાપ્ત થયા. આ વિલીનીકરણના પરિણામ સ્વરૂપે ભારતમાં આંતરિક સ્થિરતા અને મજબૂત કેન્દ્રશાસિત માળખું શક્ય બન્યું.

માત્ર બે વર્ષમાં ૩૦૦થી વધુ રાજવાડાઓ જોડાયા ત્યારે તે માત્ર વહીવટનો ચમત્કાર નહીં પણ માનસિક યુદ્ધ, માનવીય સંવેદના અને અડગ રાષ્ટ્રવાદનો ચમત્કાર હતો. તો ચાલો જાણીએ ભારતને અખંડ રાષ્ટ્ર બનાવવાની ગાથા વિશે.

ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી તરીકે પટેલે અને તેમના સચિવ વી.પી. મેનને રાજકીય માનસશાસ્ત્ર, દૂતકૌશલ્ય અને વહીવટી કળાથી દુરંદેશી વ્યૂહરચના ગોઠવી દેશને એક કર્યો હતો. પરંતુ જ્યાં સમજાવટ કામ ન લાગી ત્યાં પટેલની લોખંડી મક્કમતાએ ઈતિહાસ બદલી નાખ્યો.

સરદાર પટેલે રાષ્ટ્રહિતમાં રજવાડાંઓના વિલીનીકરણ માટે સામ, દામ, દંડ અને ભેદની નીતિનો ચતુરાઈપૂર્વક ઉપયોગ કર્યો હતો. સૌપ્રથમ, તેમણે રાજાઓ સાથે અંગત સંબંધો રાખી તેમને સમજાવ્યું કે, ભારત સાથે જોડાવાથી જ તેમના રાજ્ય અને પ્રજાનું ભવિષ્ય સુરક્ષિત છે. આ મુત્સદ્દીગીરીના ભાગરૂપે, તેમણે રાજાઓનું માન જાળવી રાખવા અને આર્થિક સુરક્ષા આપવા માટે 'પ્રિવી પર્સ-વાર્ષિક સાલિયાણાની વ્યવસ્થાની ખાતરી આપી હતી.

આ ઉપરાંતના રાજાઓને તેમણે 'જોડાણ પત્ર' નામનો દસ્તાવેજ રજૂ કર્યો હતો. આ પત્રમાં ત્રણ સંરક્ષણ, વિદેશી બાબતો અને સંચારના વિષયનો સમાવેશ કર્યો હતો. તેમાં તેમના રાજ્યો ભારત સરકારને સોંપે તેવી જોગવાઈ હતી. બાકીના તમામ અધિકારો રાજા પાસે જ રહેતા. આનાથી મોટાભાગના રાજાઓને લાગ્યું કે તેમનું સાર્વભૌમત્વ જળવાઈ રહેશે. આ ઉપરાંત સરદારે તેમની કુનેહથી હૈદરાબાદ, કશ્મીર અને જૂનાગઢને પણ અખંડ ભારતમાં જોડ્યા હતા.

આજે જે અખંડ ભારતનો નકશો આપણે જોઈએ છીએ તે માત્ર રાજકીય દસ્તાવેજ નહીં સરદારના લોખંડી સંકલ્પનું જીવતું જીવંત ઉદાહરણ છે. તેમની પ્રતિમા સ્ટેચ્યુ ઑફ યુનિટી ભારતની એકતાનો એટલસ છે જે આપણને એકાગ્રતા, નક્કરતા અને દુરંદેશીથી અશક્યને પણ શક્ય બનાવાની પ્રેરણા આપે છે.

- ઋચા રાવલ

### સંતરામપુરમાં આમ આદમી પાર્ટી નેતા બ્રિજરાજ સોલંકીનુ દારૂ અને ડ્રગ્સ મામલે નિવેદન : હર્ષ સંઘવીને કહ્યુ ભ્રષ્ટ અધિકારીઓને જો છાવરશો તો હર્ષ સંઘવી ગુજરાતની જનતા તમારા પણ બકકલ અને પટ્ટા ઉતારી દેશે

પ્રતિનિધિ,ગાંધીનગર




હાલ ગુજરાતમાં દારૂ અને ડ્રગ્સના દુષણ મામલે પોલીસ અને જિગ્નેશ મેવાણી વચ્ચે માહોલ ગરમાયો છે અને હવે તેના કારણે જ આ મામલે રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. આ મામલે હવે દરેક વ્યકિત અલગ અલગ રીતે વિરોધ કરી રહ્યા છે. જિગ્નેશ મેવાણી બાદ હવે આમ આદમી પાર્ટી પણ મેદાને આવી છે અને આજે બુધવારે મહિસાગર જિલ્લાના સંતરામપુરમાં આમ આદમી પાર્ટીની સભાનુ આયોજન કરવામાં આવ્યુ હતું. જયાં આમ આદમી પાર્ટી નેતા બ્રિજરાજ સોલંકીએ દારૂ અને ડ્રગ્સના દુષણ મામલે એક મોટુ નિવેદન આપ્યુ હતુ અને સરકાર સહિત પોલીસ સામે બાંયો ચઢાવી હતી, બ્રિજરાજ સોલંકીએ આ મામલે કહ્યુ હતુ કે આ ભ્રષ્ટાચારી ભાજપની સરકાર રહેમ નજર હેઠળ ગુજરાતના ૩૩ જિલ્લા , તમામ તાલુકાઓ અને ગામડે ગામડે આ દેશી દારૂના દુષણ ચાલી રહ્યા છે, ડ્રગ્સના અડ્ડાઓ ચાલી રહ્યા છે જેના કારણે લાખો યુવાનોના ભવિષ્ય બગડી રહ્યા છે, નાની નાની બહેનો વિધવા બની રહી છે, માતાઓ પોતાના બાળકો ગુમાવી દેશે ત્યારે આ હર્ષ સંઘવી કહે છે કે તમે કાયદામાં રહેશો તો ફાયદામાં રહેશો, પણ હર્ષ સંઘવી આ મામલે ગુજરાતની જનતાના તમને જડબાતોડ જવાબ આપવાની છે, દેશી દારૂના અડ્ડાઓ ચલાવવા બુટલેગરોને પ્રોત્સાહન આપશે, ડ્રગ્સ માફીયાઓને મદદ કરશે તેવા એ અધિકારીઓના એકવાર નહી પણ હજારવાર બકકલ અને પટ્ટા અમે ગુજરાતની જનતા ઉતારીશુ, પણ આવા ભ્રષ્ટ અધિકારીને જો છાવરશો તો હર્ષ સંઘવી ગુજરાતની જનતા તમારા પણ બકકલ અને પટ્ટા ઉતારી દેશે.

### ગાંધીનગરમાં વહેલી સવારે ડિમોલિશનઃ અડાલજ-ઝુંડાલ રોડ પર ગેરકાયદે ધાર્મિક દબાણોને દૂર કરાયાં

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગાંધીનગરમાં ઝુંડાલ રોડ પર વહીવટી તંત્ર દ્વારા રસ્તો પહોળો કરવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે અડાલજ-ઝુંડાલ રોડ પર આવેલા બાલાપીર સર્કલ નજીક બાલાપીર દરગાહનું મુખ્ય રોડ પરનું દબાણ દૂર કરવામાં આવ્યું છે.

તંત્ર દ્વારા બુધવારે વહેલી સવારે આ કામગીરી હાથ ધરવામાં આવી હતી. નોંધનીય છે કે, આ દબાણ આશરે ૧૦૦ વાર જેટલું અને વર્ષો જૂનું હતું. મળતી માહિતી મુજબ, વહીવટી તંત્ર દ્વારા રોડ પહોળો કરવાની કામગીરીના ભાગરૂપે અડાલજ-ઝુંડાલ રોડ પર આવેલા બાલાપીર સર્કલ નજીકલ બાલાપીર દરગાહનું દબાણ દૂર કરવામાં આવ્યું છે. બુધવારે વહેલી સવારે દરગાહનું વર્ષો જૂનું ૧૦૦ વાર જેટલું દબાણ દૂર કરવામાં આવ્યું છે. ધાર્મિક દબાણ દૂર કરવા માટે વહીવટી તંત્ર દ્વારા ગુપ્ત રીતે આયોજન કરવામાં આવ્યું હતું. વહેલી સવારે મામલતદાર સહિતના તમામ સંબંધિત અધિકારીઓ આ કામગીરી દરમિયાન હાજર રહ્યા હતા. જિલ્લા વહીવટી તંત્રએ જણાવ્યું હતું કે, રોડને પહોળો કરવાની કામગીરી ચાલી રહી હોવાથી જનહિતમાં આ વર્ષો જૂનું ધાર્મિક દબાણ હટાવવામાં આવ્યું છે. દબાણ હટાવવાની કામગીરી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગરમાં ગમખ્વાર અકસ્માતઃ ટ્રક અને રૉડ રોલર વચ્ચે ટકકર લાગતા ૪ લોકોના મોત

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ખાતે નેશનલ હાઈવે નં. ૪૮ પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, અમદાવાદ- ઉદેપુર નેશનલ હાઈવે નંબર ૪૮ પર આવેલા હિંમતનગર જીઆઈડીસી ઓવરબ્રીજ પાસે અકસ્માતની આ ઘટના બનવા પામી હતી જેમાં ૪ લોકોના કરૂણ મોત નિપજયા હતા.

આ ઘટનામાં નેશનલ હાઈવેની કામગીરી ચાલી રહી હતી, તે દરમિયાન ઓવરબ્રીજ પર ટ્રક અને ર્રાડ રોલર વચ્ચે જોરદાર ટકકર લાગતા અને એન્જીનીયર સહિત ૪ લોકોના મોત થયા હતા. અત્રે નોંધનીય છે કે આજે બુધવારે કેન્દ્રીય માર્ગ અને પરીવહન મંત્રી નીતીન ગડકરી અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ નેશનલ હાઈવે નં.૪૮ પર નિરીક્ષણ માટે હિંમતનગર આવવાના હતા, આ અગાઉ અકસ્માતની ઘટનાએ નેશનલ હાઈવે ઓથોરીટીની કામગીરી સામે સવાલો ઉભા કર્યા છે,

હિંમતનગરમાંથી પસાર થતો અમદાવાદ ઉદેપુર નેશનલ હાઈવે નં. ૪૮ પર હિંમતનગર પર જીઆઈડીસી ઓવરબ્રીજ પાસે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં ૪ લોકોના મોત નિપજયા હતા, મળતી માહિતી પ્રમાણે આજે બુધવારે કેન્દ્રીય પરીવહન મંત્રી નીતીન ગડકરી અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આ બ્રીજના કામનુ નિરીક્ષણ કરવા આવવાના હતા જેના પગલે નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા રાત દિવસ ઝડપી રીપેરીંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેથી મંત્રીઓની મુલાકાત અગાઉ હાઈવેની તમામ ખામીઓ દુર થઈ જાય, જેથી ગઈ કાલે મંગળવારની મોડી રાત સુધી મજુરો કામ કરી રહ્યા હતા, દરમિયાન આ કરૂણ અકસ્માત સર્જાયો હતો. ઘટના મુજબ હિંમતનગર ઓવરબ્રીજ પર રોડનુ કામ ચાલી રહ્યુ હોવાથી ત્યાં રોડ રોલર પડેલુ હતુ દરમિયાન બેફામ દોડી આવી રહેલી એક ટ્રક ટ્રેલરે આ રોડ રોલરને અચાનક ટકકર મારી હતી જેથી રોડ રોલર અને ટ્રેલર નીચે કચડાઈ જતા ૪ લોકોનુ ઘટનાસ્થળે જ મોત નિપજયુ હતું. આ કરૂણ ઘટનામાં ૪ લોકોના મોત નિપજયા હતા જે મૃતકોમાં હાઈવે કોન્ટ્રાકટ એજન્સીના એક ઈજનેર તેમજ ત્રણ શ્રમિકોનો સમાવેશ થાય છે. જયારે ઘાયલ એક વ્યકિતને તાત્કાલીક સારવાર માટે હિંમતનગર સીવીલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતના સમાચાર મળતા જ પોલીસ અને નેશનલ હાઈવે ઓથોરીટીના અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. જયાં તપાસ કરીને ચારેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હિંમતનગર સીવીલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસે ટ્રક ડ્રાઈવર વિરૂધ્ધ ગુન્હો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: સોના-ચાંદીના વાયદામાં ચાલુ રહેલો તેજીનો પવન: સોનાનો વાયદો રૂ.૭૫૩ અને ચાંદીનો વાયદો રૂ.૨૭૫૫નો ઉછાળો

## ક્રૂડ તેલના વાયદામાં રૂ.૨૪ની વૃદ્ધિ: કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૨૦૧૦.૯૯ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૪૭૬૦૩૮.૬ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૬૩૨૭.૮૬ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૯૯૦૨ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૫૦૮૦૭૦.૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૨૦૧૦.૯૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૪૭૬૦૩૮.૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ.૨૧.૩૧ કરોડ અને ઈન્ડેક્સ ઓપ્શન્સમાં રૂ.. કરોડનાં કામકાજ થયાં હતાં. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૨૯૯૦૨ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૦૯૩.૧૨ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૬૩૨૭.૮૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૫૭૫૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૬૦૭૮ અને નીચામાં રૂ.૧૨૫૬૦૨ના મથાળે અથડાઈ, રૂ.૧૨૫૨૨૫ના આગલા બંધ સામે રૂ.૭૫૩ વધી રૂ.૧૨૫૯૭૮ થયો હતો. ગોલ્ડ-ગિની નવેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૫ વધી રૂ.૧૦૧૫૦૦ થયો હતો. ગોલ્ડ-પેટલ નવેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૫૬ વધી રૂ.૧૨૭૨૦ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૬૪૫ વધી રૂ.૧૨૫૫૬૧ થયો હતો. ગોલ્ડ-ટેન નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૫૬૬૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૫૭૭૪ અને નીચામાં રૂ.૧૨૫૨૨૫ના મથાળે અથડાઈ, રૂ.૧૨૫૦૩૧ના આગલા બંધ સામે રૂ.૨૬૯ વધી રૂ.૧૨૫૩૦૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૫૭૭૫૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૯૧૫૦ અને નીચામાં રૂ.૧૫૭૫૦૭ના મથાળે અથડાઈ, રૂ.૧૫૬૩૨૧ના આગલા બંધ સામે રૂ.૨૭૫૫ વધી રૂ.૧૫૯૦૭૬ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૨૪૨૮ વધી રૂ.૧૬૦૪૫૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૨૪૨૩ વધી રૂ.૧૬૦૪૩૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ.૨૨૨૭.૭૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું નવેમ્બર વાયદો રૂ.૭.૬૫ વધી રૂ.૧૦૦૯.૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત નવેમ્બર વાયદો રૂ.૭.૨૫ વધી રૂ.૩૧૨.૪૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ નવેમ્બર વાયદો રૂ.૩.૩૫ વધી રૂ.૨૬૯ના સ્તરે પહોંચ્યો હતો. સીસું નવેમ્બર વાયદો ૨૦ પૈસા ઘટી રૂ.૧૭૭.૭૫ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૩૪૪૯.૩૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી નવેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૦૬૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૦૯૫ અને નીચામાં રૂ.૩૦૪૦ના મથાળે અથડાઈ, રૂ.૧ ઘટી રૂ.૩૦૬૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૧૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૨૨૦ અને નીચામાં રૂ.૫૧૬૪ના સ્તરને સ્પર્શી, રૂ.૫૧૬૬ના આગલા બંધ સામે રૂ.૨૪ વધી રૂ.૫૧૯૦ થયો હતો. ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૨૬ વધી રૂ.૫૧૯૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૭.૪ વધી રૂ.૪૦૭.૩ થયો હતો. નેચરલ ગેસ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૭.૩ વધી રૂ.૪૦૭.૨ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૮૯૯.૧ના ભાવે ખૂલી, રૂ.૬.૨ ઘટી રૂ.૮૯૪.૭ના સ્તરે પહોંચ્યો હતો. કોટન નવેમ્બર વાયદો રૂ.૧૮૦ વધી રૂ.૨૫૨૦૦ના સ્તરે પહોંચ્યો હતો. એલચી નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૬૧૦ના ભાવે ખૂલી, રૂ.૧૨ ઘટી રૂ.૨૬૦૦ના સ્તરે પહોંચ્યો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૪૬૨૯.૩૯ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૧૧૬૯૮.૪૭ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ.૧૬૯૭.૭૫ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૧૬૭.૭૩ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૧૫.૮૯ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૩૪૬.૦૦ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૧૨.૬૫ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૫૮૪.૧૨ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૨૮૫૨.૫૬ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૪.૫૨ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ.૦.૫૭ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૦.૯૧ કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૬૫૮૧ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૨૪૪૧ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૧૧૦૪ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૯૬૨૫૧ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૩૩૬૫૬ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૬૭૭૫ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૫૪૭૫ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૩૮૨૮૬ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૯૬૧ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૯૨૨૨ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૮૯૧૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૨૯૮૩૮ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૯૯૧૧ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૯૭૯૬ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૨૬૩ પોઈન્ટ વધી ૨૯૯૦૨ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૦.૭ વધી રૂ.૧૭૭ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૨૫ વધી રૂ.૩૧.૬ના ભાવે બોલાયો હતો.

સોનું નવેમ્બર રૂ.૧૨૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૯.૫ ઘટી રૂ.૭૯ થયો હતો. આ સામે ચાંદી નવેમ્બર રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૮૬ વધી રૂ.૪૨૭ના ભાવે બોલાયો હતો. તાંબું ડિસેમ્બર રૂ.૧૦૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૬.૧૧ વધી રૂ.૧૭.૨ના ભાવે બોલાયો હતો. જસત ડિસેમ્બર રૂ.૩૦૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૭૯ પૈસા વધી રૂ.૩.૧ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૦.૧ ઘટી રૂ.૧૮૦.૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૪ ઘટી રૂ.૨૪.૧ના ભાવે બોલાયો હતો.

સોનું નવેમ્બર રૂ.૧૨૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૪૧.૫ ઘટી રૂ.૬૯ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી નવેમ્બર રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૩૨ ઘટી રૂ.૩૮.૫ થયો હતો. તાંબું ડિસેમ્બર રૂ.૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૯૭ ઘટી રૂ.૭.૩૧ થયો હતો.

### કરમસદથી કેવડિયા સુધી ૧૫૨ કિલોમીટર લાંબી પદયાત્રાના પ્રારંભે ત્રિપુરાના મુખ્યમંત્રી શ્રી માનિક સાહા, કેન્દ્રીય મંત્રીઓ શ્રીમતી અનુપ્રિયા પટેલ અને શ્રીમતી નિમુબેન બાંભણિયાની વિશેષ ઉપસ્થિતિ

# સરદાર@૧૫૦: રાષ્ટ્રીય યુનિટી માર્ચનો પ્રચંડ જનમેદનીના અદમ્ય ઉત્સાહ વચ્ચે પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દેશભરમાં સરદાર સાહેબની ૧૫૦મી જન્મજયંતી અવસરે ઉજવાઈ રહેલી કરમસદથી કેવડિયા સુધીની રાષ્ટ્રીય પદયાત્રા 'સરદાર@૧૫૦ : યુનિટી માર્ચ'ને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ અને ત્રિપુરાના મુખ્યમંત્રીશ્રી માનિક સાહાએ ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

પ્રચંડ જનમેદનીના અદમ્ય ઉત્સાહ અને જય સરદારના ગગનભેદી ગુંજારવ સાથે આ રાષ્ટ્રીય પદયાત્રા સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા એટલે કે સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતાનગર ખાતે તા. ૦૬ ડિસેમ્બરે પહોંચશે. ૧૫૦ કાયમી પદયાત્રીઓ સાથે આણંદ ઉપરાંત વડોદરા અને નર્મદા જિલ્લામાંથી પસાર થનારી આ પદયાત્રાનો ભવ્ય પ્રારંભ કરાવતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, 'સરદાર@૧૫૦ : યુનિટી માર્ચ' પદયાત્રા રાષ્ટ્રભક્તિનો રાજમાર્ગ પ્રશસ્ત કરશે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત આ પદયાત્રા સરદાર પટેલને શ્રેષ્ઠ અંજલિ છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સંવિધાન દિવસના અવસરે ડો. બાબાસાહેબ આંબેડકર અને સંવિધાન સભાના સૌ સદસ્યોને આદરપૂર્વક નમન કરીને જણાવ્યું હતું કે, વિશ્વ નેતા તથા એક ભારત, શ્રેષ્ઠ ભારતના પ્રેરણા સ્રોત શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ દેશભરમાં સરદાર સાહેબની ૧૫૦મી જન્મ જયંતીની ભવ્ય ઉજવણીનું આયોજન થયું છે. આ ઉપક્રમે સરદાર સાહેબનું બાળપણ અને શાળા શિક્ષણ જ્યાં થયું હતું, તે પવિત્ર ભૂમિ કરમસદ થી એકતાના પ્રતીક સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડિયા સુધી યુનિટી માર્ચ યોજાઈ રહી છે.

મુખ્યમંત્રીશ્રીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા લોહપુરુષ સરદાર સાહેબને આપેલી સાચી અંજલિ ગણાવતા કહ્યું કે, સરદાર સાહેબની આ અભૂતપૂર્વ પ્રતિમા વિશ્વભરમાં ભારતના સામર્થ્ય અને ગૌરવના ઈતિહાસનું જીવંત પ્રતિક બની છે.સરદાર સાહેબે આઝાદી પછી દેશના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી તરીકે ૫૬૨ દેશી રજવાડાઓનું વિલીનીકરણ કરીને અખંડ ભારતનું નિર્માણ કર્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સરદાર સાહેબના માર્ગ પર આગળ વધીને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' અને 'આત્મનિર્ભર ભારત' બનાવવા માટે સતત પ્રયત્નશીલ છે.

સરદાર સાહેબે આપેલા રાષ્ટ્રીય એકતાના સંદેશને જન-જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ સાથે આ યુનિટી માર્ચ યોજાઈ રહી છે. આ પદયાત્રા દરમિયાન આયોજિત કાર્યક્રમોથી લોકો સરદાર સાહેબના જીવન મૂલ્યોને જાણશે અને રાષ્ટ્રીય એકતાનો ભાવ વધુ મજબૂત થશે, તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

સરદાર સાહેબના મૂલ્યોના આધારે નવા ભારતના નિર્માણનું મહાકાર્ય થઈ રહ્યું હોવાનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, કરોડો હિંદુઓના આસ્થાના પ્રતિક રામ મંદિરમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ધ્વજારોહણથી મંદિર નિર્માણ કાર્ય સંપન્ન થયું છે. થોડા દિવસો અગાઉ દેશની શ્રમ શક્તિનું સન્માન કરતા ઐતિહાસિક ચાર લેબર કોડ્સ દેશમાં લાગુ થયા છે. સરદાર સાહેબ હંમેશા શ્રમિકો અને ખેડૂતોના હિત માટે કાર્યરત રહ્યા, જેમણે અમદાવાદના કામદારોના હક માટે અને ખેડા તથા બારડોલીના ખેડૂતોના ન્યાય માટે અંગ્રેજી હકુમતને હચમચાવી નાખી હતી તેમ તેમણે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ રાષ્ટ્રીય એકતાની જરૂરિયાત પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કાશ્મીરમાંથી કલમ-૩૭૦ દૂર થઈ. તેના પરિણામે, કાશ્મીરથી કન્યાકુમારી સુધી ભારત એક અને અખંડ રાષ્ટ્ર બન્યું છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્ર અને સમાજ માટે રાષ્ટ્રીય એકતા ખૂબ જ જરૂરી છે, તેવું પણ સ્પષ્ટ જણાવ્યું હતું.

શ્રી પટેલે જણાવ્યું કે, સરદાર સાહેબનો ગરીબી દૂર કરવા માટેનું સપનું વડાપ્રધાનશ્રીએ પૂર્ણ કર્યું છે. દેશમાં અનેક કલ્યાણકારી યોજનાઓના સચોટ અમલના કારણે કરોડો લોકો ગરીબી રેખામાંથી બહાર આવ્યા છે. કરોડો લોકોને તેમના સપનાનું ઘર મળ્યું છે અને સ્વચ્છ પીવાનું પાણી પણ ઉપલબ્ધ થયું છે.

'સૌના સાથ, સૌના વિકાસ'ના મંત્ર થકી વિકસિત ભારત બનાવવાના પ્રધાનમંત્રીશ્રીના સ્વપ્નને સાકાર કરવાનો અનુરોધ કરતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતુ કે, વડાપ્રધાનશ્રીએ તેમનું સમગ્ર જીવન 'રાષ્ટ્ર પ્રથમ'ના ભાવ સાથે દેશ માટે સમર્પિત કર્યું છે. ત્યારે આપણે સૌ એકતાના મૂળ મંત્રને આત્મસાત કરીને આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે આગળ વધીશું તે જ સરદાર સાહેબને સાચી શ્રદ્ધાંજલિ છે. ત્રિપુરાના મુખ્યમંત્રી શ્રી માનિક સાહાએ આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહીને પોતાના પ્રેરક ઉદ્દબોધનમાં 'સરદાર@૧૫૦: યુનિટી માર્ચ' અંતર્ગત ત્રિપુરા રાજ્યમાં કરાયેલી ઊજવણી અને આયોજનની રૂપરેખા આપી હતી. આ પદયાત્રા કોઈ સામાન્ય પદભ્રમણ નથી, પરંતુ દેશની એકતા, અખંડતા અને રાષ્ટ્રીય સ્વાભિમાનના પ્રતીક સમા લોહપુરુષ સરદાર પટેલને સમર્પિત વિશેષ આયોજન છે, તેમ મક્કમપણે જણાવી તેમણે રાજ્યની જનતા અને ત્રિપુરાની તરફથી ઉપસ્થિત સૌને અભિનંદન પાઠવ્યા હતા. શ્રી સાહાએ રાષ્ટ્રીય એકતા દિવસની ઊજવણી આ વર્ષે વિશેષ હોવાનું ઉમેરી 'સરદાર@૧૫૦ : યુનિટી માર્ચ'નો હેતુ સ્પષ્ટ કરતા જણાવ્યું હતું કે, આ રાષ્ટ્રીય પદયાત્રા સ્વતંત્ર ભારતના એકીકરણના શિલ્પકાર સરદાર પટેલના યોગદાનનું સ્મરણ કરીને દેશના યુવાનોમાં દેશભક્તિ, એકતા અને જવાબદારીની ભાવનાને મજબૂત બનાવશે. આ અભિયાનની મૂળ ભાવના 'એક ભારત, આત્મનિર્ભર ભારત' સાથે સંકળાયેલી છે. ત્રિપુરાના મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે સરદાર પટેલના ઐતિહાસિક યોગદાનને યાદ કરતા વધુમાં જણાવ્યું હતું કે, સ્વતંત્રતા બાદ ૫૬૨ દેશી રજવાડાઓનું વિલીનીકરણ કરી અખંડ ભારતનું નિર્માણ એ સરદાર સાહેબની અપરિમિત દૂરંદેશિતા, દ્રઢ નેતૃત્વ અને રાષ્ટ્રપ્રેમને વ્યક્ત કરે છે. સરદાર પટેલ દેશની એકતા અને સંગઠિત રાષ્ટ્રીયતા માટે જીવનભર સમર્પિત રહ્યા હતા.

શ્રી સાહાએ વર્ષ-૨૦૧૪ થી સરદાર પટેલની જન્મજયંતીને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઊજવણી કરવાના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નિર્ણયની સરાહના કરી હતી. વર્ષ-૨૦૧૫ માં સરદાર પટેલની ૧૪૦મી જન્મજયંતિ પર વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'એક ભારત શ્રેષ્ઠ ભારત' પહેલની પરંપરા શરૂ કરી હતી, જે દેશની ભાષા, સંસ્કૃતિ અને વિરાસતને જોડવાનું રાષ્ટ્રીય અભિયાન છે. ગુજરાતમાં નર્મદા કિનારે સ્થાપિત સ્ટેચ્યુ ઓફ યુનિટી, જે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા છે, તે દેશની એકતા અને શક્તિનું આગવું પ્રતીક બની છે, તેમ તેમણે ગૌરવભેર જણાવ્યું હતું.

અંતમાં શ્રી સાહાએ યુનિટી માર્ચને દેશને વધુ મજબૂત, સમૃદ્ધ અને એકતાબદ્ધ બનાવવાનો સંકલ્પ વ્યક્ત કરનાર ગણાવી યુવાનોને રાષ્ટ્રના વિકાસમાં સક્રિય ભૂમિકા નિભાવવા, એકતાને સર્વોચ્ચ મૂલ્ય તરીકે જાળવી રાખવા અને સરદાર પટેલના સંકલ્પિત ભારતના નિર્માણમાં યોગદાન આપવા અપીલ કરી હતી.

કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, સરદાર સાહેબના જીવન અને તેમના કાર્યોને જાણવા ઉપરાંત દેશને એક કરવા તેમણે કરેલા યત્નોને જન-જન સુધી પહોંચાડવાનો આ અવસર છે. ગુજરાતના બે પનોતા પુત્રો સરદાર પટેલ અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી વિશ્વનાયક સાબિત થયા છે. તદુપરાંત તેમણે રાષ્ટ્રીય પદયાત્રાની રૂપરેખા પણ જણાવી હતી. ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશ વિશ્વકર્માએ બંધારણ દિવસની શુભકામનાઓ પાઠવતા જણાવ્યું હતું કે, સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિના ઉજવણી એ દેશ માટે ગૌરવની ક્ષણ ગણાવી હતી. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સરદાર વલ્લભભાઈ પટેલ, ભગવાન બિરસા મુંડા અને વંદે માતરમ્ રાષ્ટ્રીય ગીતના ૧૫૦ વર્ષની ઊજવણી એ સુભગ સમન્વય અને દેશ માટે ગૌરવની ક્ષણ છે, તેમ જણાવ્યું હતું. રાષ્ટ્રીય પદયાત્રાનો ઉદ્દેશ સ્પષ્ટ કરતા પ્રદેશ અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતુ કે, સરદાર પટેલે જે રીતે દેશી રજવાડાઓને એકત્ર કરીને અખંડ ભારતના નિર્માણમાં સિંહફાળો આપ્યો છે, તેને સાચા અર્થમાં ભાવાંજલિ આપવા માટે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં 'સરદાર@૧૫૦ : યુનિટી માર્ચ'નું આયોજન કરવામાં આવ્યું છે.

શ્રી વિશ્વકર્માએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સરદાર પટેલની એક ભારતની પરિકલ્પનાને સાકાર કરવા માટે એક ભારતથી શ્રેષ્ઠ ભારત અને આત્મનિર્ભર ભારતના વિઝન સાથે આગળ વધી રહ્યા હોવાનું સુપેરે જણાવ્યું હતું. તેમણે સૌને સ્વદેશી ચીજ-વસ્તુઓ અપનાવવાનો અનુરોધ કરીને આત્મનિર્ભર ભારત માટે સંકલ્પબદ્ધ કર્યા હતા. આ પદયાત્રાને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પાઠવવામાં આવેલા શુભકામના સંદેશનું જિલ્લા કલેક્ટરશ્રી પ્રવીણ ચૌધરી દ્વારા પઠન કરવામાં આવ્યું હતું.

મહાનુભાવોએ આ કાર્યક્રમ પૂર્વે સરદાર પટેલના નિવાસ સ્થાનની મુલાકાત લઈને ત્યાં સ્મરણાંજલિ અર્પણ કરી હતી. ઉપરાંત શાસ્ત્રી મેદાન ખાતે આયોજીત કાર્યક્રમના પ્રારંભે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સરદાર પટેલના જીવન-કવનને દર્શાવતા ગીતનું રિમોટ કંટ્રોલથી લોન્ચ કર્યું હતું. આ ઉપરાંત 'માય ભારત' દ્વારા નિર્મિત સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીના અવસરે યોજાયેલી એકતા પદયાત્રાની ટૂંકી ફિલ્મનું નિદર્શન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય રાજયમંત્રી શ્રીમતી અનુપ્રિયા પટેલ, કેન્દ્રીય રાજયમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયા, રાજયના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી રમણભાઈ સોલંકી, કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, રાજ્ય નાણામંત્રી શ્રી કમલેશભાઈ પટેલ, આણંદ સાંસદશ્રી મિતેશભાઈ પટેલ, ખેડા સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણ, રાષ્ટ્રીય મહાસચિવશ્રી સુનિલ બંસલ, જિલ્લા અગ્રણીશ્રી સંજયભાઈ પટેલ, આણંદ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હસમુખભાઈ પટેલ, આણંદ જિલ્લાના ધારાસભ્ય શ્રી યોગેશભાઈ પટેલ, શ્રી વિપુલ પટેલ, નડિયાદ ધારાસભ્ય શ્રી પંકજ દેસાઈ, કેન્દ્રીય યુવા અને રમતગમત સચિવ શ્રી પલ્લવી જૈન, જિલ્લા કલેક્ટરશ્રી પ્રવીણ ચૌધરી, ખેડા જિલ્લા કલેક્ટરશ્રી અમિત પ્રકાશ યાદવ, કરમસદ આણંદ મહાનરપાલિકા કમિશ્નરશ્રી મિલિંદ બાપના, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી દેવાહુતી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ગૌરવ જસાણી, ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષશ્રી ભાગ્યેશ જહાં સહિત દેશના તથા રાજયના અગ્રણી પદાધિકારીઓ તથા અધિકારીઓ, યુવાનો અને વિદ્યાર્થીઓ પણ રાષ્ટ્રીય એકતા પદયાત્રાના શુભારંભ પ્રસંગે ઉપસ્થિત રહીને આ ઐતિહાસિક ઘટનાના સાક્ષી બન્યા હતા.

### વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'હર ઘર સ્વદેશી' અભિયાનને વેગ આપવામાં ગુજરાત સરકારની ગરવી ગુર્જરીનું મહત્વપૂર્ણ યોગદાન

# સ્વદેશીથી સ્વાભિમાન સુધી: ગરવી ગુર્જરીના માધ્યમથી ગુજરાતના હસ્તકલાકારો 'હર ઘર સ્વદેશી' અભિયાનને આપી રહ્યા છે વેગ

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'હર ઘર સ્વદેશી' અને 'વોકલ ફોર લોકલ'ના આહ્વાનને ગુજરાત રાજ્ય મજબૂત સમર્થન પૂરું પાડી રહ્યું છે. ખાસ કરીને, હસ્તકલા ક્ષેત્રે કારીગરોને પ્રોત્સાહન આપીને રાજ્યએ સ્વદેશી અભિયાનને નવી દિશા આપી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકાર "આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત"ના દૃષ્ટિકોણ સાથે સ્વદેશી કારીગરી અને પરંપરાગત હસ્તકલાને આધુનિક બજારમાં નવી ઓળખ આપી રહી છે. આ પ્રયાસમાં ગુજરાત સરકારની સંસ્થા "ગરવી ગુર્જરી" મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. ગરવી ગુર્જરીના માર્ગદર્શન અને પ્રોત્સાહનથી ગુજરાતના કારીગરો માટે નવા આયામો ખુલ્યા છે, જેમાં ગાંધીનગરના કલમકારી કલાકાર રિદ્ધિ ચાવડાની સફર ઉલ્લેખનીય છે.

**કલમકારીને નવી ઓળખ અપાવવાના રિદ્ધિ ચાવડાના પ્રયાસને ગરવી ગુર્જરીનો સથવારો**

વર્ષ ૨૦૧૯માં જ્યારે રિદ્ધિબહેને પહેલી વખત હાથમાં પેઈન્ટ બ્રશ ઉપાડ્યું ત્યારે તેમણે એવું વિચાર્યું પણ નહીં હોય કે તેમની પરંપરાગત કળાને નવી ઓળખ મળશે અને તે અન્ય લોકો માટે રોજગારીની તકો પણ લઈને આવશે. રિદ્ધિબહેન સુંદર કલમકારી (કાપડ પર ચિત્રકામ કરવાની કળા) કરીને ભારતીય લોક પરંપરાથી પ્રેરિત સુંદર ચિત્રો બનાવે છે. શરૂઆતના વર્ષોમાં તેમણે ઉત્કૃષ્ટ કારીગરી કરીને હેન્ડ-પેઈન્ટેડ કલમકારી સાડી, દુપટ્ટા અને કુશન બનાવ્યા હતા, જે પૌરાણિક કથાઓ, પ્રકૃતિ અને વિવિધ ભાવને પ્રતિબિંબિત કરતા હતા. રિદ્ધિબહેને જણાવ્યું કે, "કલમકારી એ સુંદર કામ છે, પણ તે સમય માગી લે તેવી કળા છે અને ખર્ચાળ પણ છે. હું કલમકારીને લોકો માટે સુલભ બનાવવા માગતી હતી અને આ દરમ્યાન મારો પરિચય ગરવી ગુર્જરી સાથે થયો અને ત્યાંથી મારી કળાની નવી સફર શરૂ થઈ."

**"ગરવી ગુર્જરીએ મારી કલમકારીને નવી દિશા આપી": રિદ્ધિ ચાવડા**

રિદ્ધિબહેને જ્યારે કસ્ટમાઈઝ્ડ ઓર્ડર લેવાનું શરૂ કર્યું એ દરમ્યાન તેમનો પરિચય ગરવી ગુર્જરી સાથે થયો, જે પરંપરાગત કારીગરોને પ્રોત્સાહન આપવા માટે જાણીતું મંચ છે. રિદ્ધિબહેને ગરવી ગુર્જરીના સહયોગ અને માર્ગદર્શન થકી પરંપરાગત કલમકારી કળાને રોજિંદા ઉપયોગી પ્રોડક્ટ્સમાં રૂપાંતરિત કરીને સ્વદેશી કળાને ઘરે-ઘરે પહોંચાડવાનો પ્રયાસ કર્યો. તેમણે પરંપરાગત કાપડ સુધી મર્યાદિત ન રહેતાં આધુનિક હોમ ડેકોર અને લાઈફસ્ટાઈલ પ્રોડક્ટ્સ પર પણ રંગો ઉતાર્યા. તેમણે ગરવી ગુર્જરીના સહકારથી તૈયાર કરેલી કેન્ડલ, ટ્રે, કોસ્ટર જેવી હોમ એક્સેસરીઝ અને અન્ય સુશોભનની વસ્તુઓ લોકપ્રિય બની છે. રિદ્ધિબહેનનો આ પ્રયાસ વડાપ્રધાનશ્રીના 'હર ઘર સ્વદેશી' અભિયાનના હેતુ સાથે સુસંગત છે, જે ઘરે-ઘરે સ્વદેશી ઉત્પાદનોના ઉપયોગ પર ભાર મૂકે છે.

**૨૦થી વધુ મહિલાઓને રોજગારીની તક પૂરી પાડીને મહિલા સશક્તિકરણનું ઉદાહરણ પૂરું પાડ્યું**

ગરવી ગુર્જરી મારફતે મુખ્યમંત્રીશ્રીના કાર્યાલય (CMO) માટે દિવાળી ગિફ્ટ ઓર્ડર મળ્યા બાદ રિદ્ધિ ચાવડાએ પોતાના વર્કશોપમાં ૨૦થી વધુ મહિલાઓને રોજગારીની તક પૂરી પાડીને મહિલા સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. રિદ્ધિબહેને જણાવ્યું કે, "ગુજરાત સરકારની ગરવી ગુર્જરી સંસ્થાના સહયોગથી અમને વધુને વધુ ગ્રાહકો સુધી પહોંચવાની તક મળી છે. અમારું ધ્યેય આ હસ્તકળાના માધ્યમથી મહિલાઓને સશક્ત બનાવવાનો અને સર્જનાત્મકતાને વિસ્તૃત કરવાનો છે."

**સ્વદેશી અભિયાનથી આત્મનિર્ભરતા તરફ મક્કમતાથી આગળ વધતું ગુજરાત**

રાજ્યની હસ્તકલા અને હાથશાળની સમગ્ર દેશ અને વિશ્વમાં આગવી ઓળખ પ્રસ્થાપિત કરવા, તેને ટકાવી રાખવા અને તેના વિકાસના મુખ્ય ઉદ્દેશ સાથે કાર્યરત ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ (જીએસએચએચડીસી) ગુજરાતના આ પરંપરાગત વારસાના વેલાને સતત સિંચી રહ્યું છે. જીએસએચએચડીસીના 'ગરવી-ગુર્જરી' એમ્પોરિયમ થકી રાજ્યમાં ગ્રામ્ય કક્ષાના પરંપરાગત કલા-કારીગરીના વ્યવસાય ઝડપથી પ્રગતિ કરી રહ્યા છે. 'ગરવી-ગુર્જરી' હાથશાળ-હસ્તકલાની શ્રેષ્ઠ કૃતિઓનું સર્જન કરતા અંતરિયાળ ગામોના હજારો કારીગરોના કલા-કસબ તથા પરિશ્રમને લોકો સુધી પહોંચાડે છે અને તેમના ઉત્પાદનોના વેચાણમાં વધારો કરવાના સતત પ્રયત્નો કરે છે. ગરવી ગુર્જરી એ મંચ છે, જે કારીગરોને નાણાકીય સહાય, ડિઝાઈન માર્ગદર્શન અને માર્કેટ લિંકેજ પૂરી પાડીને 'સ્વદેશીથી સ્વાભિમાન' સુધીની સફર સુનિશ્ચિત કરે છે.

### સામુહિક ચિંતનથી સામુહિક વિકાસ થીમ ઉપર ૨૪૧ સનદી અધિકારીઓ અને મંત્રીઓ કરશે મનોમંથન

# આજથી ધરમપુરમાં ૩ દિવસની ચિંતન શિબિરઃ આજથી ૩ દિવસ સુધી ગુજરાત સરકાર વહિવટ ધરમપુરથી ચલાવશે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

રાજય સરકારની ૧૨ મી ચિંતન શિબિર આજે તારીખ ૨૭ થી ૨૯ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન વલસાડ જિલ્લાના ધરમપુર નજીકના શ્રીમદ રામચંદ્ર આશ્રમ ખાતે યોજાશે. સામુહિક ચિંતનથી સામુહિક વિકાસ તરફ ની થીમ પર આયોજીત ચિંતન શિબિરમાં રાજય મંત્રી મંડળના મંત્રીઓ, વરીષ્ઠ સચિવો અને સનદી અધિકારીઓ સહભાગી થશે તેવુ પ્રવકતા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યુ હતું.



આ ૧૨ મી ચિંતન શિબિરમાં મંત્રી મંડળના સભ્યો સહિત ૨૪૧ જેટલા આઈએએસ, આઈપીએસ સહિત ઉચ્ચ સનદી અધિકારીઓ સહભાગી થશે. જેમાં વિવિધ ચર્ચા સત્રો થકી ગુજરાતના વિકાસનો રોડમેપ તૈયાર કરાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજય વહિવટને વધુ નાગરીક / કેન્દ્રીત બનાવી તેની અસરકારકતામાં વધારો કરવાના હેતુથી વર્ષ ૨૦૦૩ થી ચિંતન શિબિરની શરૂઆત કરી હતી. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજય સરકારે આ પરંપરાને આગળ ધપાવતા પ્રશાસનીક સમયાનુરૂપ ટેકનોલોજી અને પારદર્શકતા સાથે સંવેદનશીલતાની નવી દિશા આપવા ચાલુ વરસે ૧૨ મી વાર્ષિક ચિંતન શિબિરનુ આયોજન કર્યુ છે એવુ પ્રવકતા મંત્રીએ કહ્યુ હતું.

વધુમાં તેમણે કહ્યુ હતુ કે આ વરસની ચિંતન શિબિરમાં પોષણ અને જાહેર આરોગ્ય, સેવા ક્ષેત્રની વૃધ્ધિ અને વૈવિધ્યકરણ, વિકસિત ગુજરાત માટે ક્ષમતા નિર્માણ, જાહેર સલામતી હરીત ઉર્જા અને પર્યાવરણ જેવા વિષયો પર સામુહિક ચિંતન મંથન કરવામાં આવશે.

ચિંતન શિબિરનો પ્રારંભ આજે તારીખ ૨૭ નવેમ્બર ના રોજ ઉદ્‌ઘાટન સત્ર થી થશે તથા બાકીના બે દિવસોમાં સમગ્ર દિવસ દરમિયાન વિવિધ ચર્ચા સત્ર, જુથ ચર્ચા, બેઠકો યોજાશે.

ત્રિ દિવસીય ચિંતન શિબિર દરમિયાન વિવિધ વિષયોના નિષ્ણાંત વકતાઓના વ્યાખ્યાનો પણ યોજાશે. આ ઉપરાંત શિબિરના સમાપન સમારોહમાં વર્ષ ૨૦૨૪-૨૫ ના કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીઓને કર્મયોગી પુરષ્કાર એનાયત કરવામાં આવશે.

# સર્વશિક્ષા અભિયાન ના નિવૃત્ત ઈજનેર સામે રૂ.૩.૦૮ કરોડની અપ્રમાણસર મિલ્કતનો ગુન્હો દાખલ કરાયો : એસીબીએ કરી ધરપકડ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગર એન્ટી કરપ્શન દ્વારા સર્વ શિક્ષા અભિયાન (એસએસએ) ના નિવૃત્ત સ્ટેટ પ્રોજેકટ ઈજનેર નિપૂણ ચંદ્રવદન ચોકસી વિરૂધ્ધ રૂપીયા ૩ કરોડથી વધુની અપ્રમાણસર મિલ્કત વસાવવા બદલ ગુન્હો દાખલ કરી ધરપકડ કરવામાં આવી છે.

આરોપી નિપુણ ચંદ્રવદન ચોકસી (રહે. સેકટર ૪/ડી ગાંધીનગર) જેઓ માર્ગ અને મકાન વિભાગના મુળ કર્મચારી હતા અને સર્વ શિક્ષા અભિયાનમાં સ્ટેટ પ્રોજેકટ ઈજનેર વર્ગ-૨ તરીકે ફરજ બજાવતા હતા. તેઓ તારીખ ૧૬/૭/૨૦૨૧ ના રોજ રૂપીયા ૧,૨૧,૦૦૦ ની લાંચ લેતા ઝડપાયા હતા. આ લાંચના ગુન્હાની તપાસ અને રીમાન્ડ દરમિયાન ગાંધીનગર નાગરીક કો.ઓપરેટીવ બેંકના તેમના લોકરમાંથી રોકડ રૂપીયા ૨,૨૭,૨૫,૦૦૦ કરોડ તથા ઘરની તલાશીમાં રૂપીયા ૪,૧૨,૨૦૫ મળીને કુલ રૂપીયા ૨,૩૧,૭૫,૨૦૫ કરોડ જેટલી જંગી રોકડ રકમ મળી આવી હતી. એસીબી દ્વારા કરવામાં આવેલી તપાસમાં બહાર આવ્યુ હતુ કે આરોપીએ પોતાની સરકારી ફરજ દરમિયાન ભ્રષ્ટાચાર આચરીને કાયદેસરની આવક કરતા ૬૨.૪૩ ટકા જેટલી વધુ મિલ્કત વસાવી હતી. તપાસમાં કુલ રૂપીયા ૩,૦૮,૯૦,૨૭૯ (ત્રણ કરોડ આઠ



લાખ નેવુ હજાર ) ની અપ્રમાણસર મિલ્કત ફલીત થતા ગાંધીનગર એસીબી પોલીસ સ્ટેશને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુન્હો નોંધીને આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

# ગુજરાત હાઈકોર્ટનો મહત્વનો ચુકાદો : વિદેશમાં રહેતા વ્યકિતને પાસપોર્ટ રીન્યુઅલ માટે રાહત

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત હાઈકોર્ટે ભારતીય વ્યકિતને મોટી રાહત આપી છે જે કુવૈત માં નોકરી કરે છે અને જેની સામે લુણાવાડા પોલીસ સ્ટેશનમાં બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ કરવા બદલ નોંધાયેલી એફઆઈઆર ને કારણે તેના પાસપોર્ટના રીન્યુઅલની અરજી પાસપોર્ટ કચેરી દ્વારા અટકાવી દેવાઈ છે. કોર્ટે સત્તાવાળાઓને અરજદારની પાસપોર્ટ રીન્યુઅલની અરજી પર ચાર અઠવાડીયાની અંદર કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો છે. કોર્ટે નોંધ્યુ હતુ કે અરજદાર કુવૈતમાં કામ કરે છે અને જો તેના પાસપોર્ટનુ રીન્યુઅલ ધ્યાનમાં લેવામાં નહી આવે તો તેને ગંભીર પરીણામોનો સામનો કરવો પડી શકે છે. જસ્ટીસ અનિરૂધ્ધ પી માયીએ પોતાના આદેશમાં નોંધ્યુ હતુ કે અરજી મુજબ અરજદારને પોલીસ અધિકારીઓ દ્વારા તેમની સામે દાખલ કરાયેલી આવી કોઈ એફઆઈઆર વિશે જાણ ન હતી, કારણ કે ફરીયાદી એક પોલીસ હેડ કોન્સ્ટેબલ છે. કોર્ટે વધુમાં નોંધ્યુ હતુ કે અરજદારે ખાત્રી આપી છે કે તે ફોજદારી કાર્યવાહીના ઝડપી નિકાલમાં સહકાર આપશે અને ટ્રાયલમાં પણ હાજર રહેશે. તારીખ ૨૫/૮/૨૦૨૫ ના સંદેશા વ્યવહાર મુજબ કુવૈત ખાતેની ભારતીય દુતાવાસને પણ લેખીત ખુલાસો આપવામાં આવ્યો છે. કોર્ટે કહ્યુ હતુ કે વર્તમાન કેસના અસાધારણ તથ્યો અને સંજોગોને ધ્યાનમાં રાખીને તથા એફઆઈઆર માં દર્શાવેલ ગુન્હાની પ્રકૃતિને ધ્યાનમાં લેતા આ કોર્ટ પાસપોર્ટ કચેરીને નિર્દેશ આપે છે કે અરજદારની પાસપોર્ટ અરજી પર ચાર અઠવાડીયાના સમયગાળાની અંદર તેમણે સત્તાવાળાઓ સમક્ષ તારીખ ૭/૯/૨૦૨૫ ના રોજ રજુ કરેલા લેખીત ખુલાસાને ધ્યાનમાં રાખીને ગુણવત્તાના આધારે અને કાયદા અનુસાર કાર્યવાહી કરે, વર્તમાન આદેશ એ હકીકતને પણ ધ્યાનમાં રાખીને પસાર કરવામાં આવ્યો છે કે અરજદાર કુવૈતમાં કામ કરે છે અને જો તેના પાસપોર્ટનુ રીન્યુઅલ ધ્યાનમાં લેવામાં નહી આવે તો તેને ગંભીર પરીણામોનો સામનો કરવો પડશે.



# બોટાદમાં એસ પી, ડીવાયએસપી સહિત ૭ લોકો વિરૂધ્ધ કોર્ટમાં ફરીયાદ નોંધાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

બોટાદના પાળીયાદ રોડ પર રહેતા યુવાન ઉપર ચાર શખ્સોએ હુમલો કરી રૂપીયા ૧૦ હજાર રોકડા બળજબરીપૂર્વક લઈ લીધા બાદ બાઈકમાં તોડફોડ કરીને નુકશાન કરવાની ઘટનામાં પોલીસે ફરીયાદ ન લેતા યુવાને તેના વકીલ મારફતે બોટાદની કોર્ટમાં ફરીયાદ નોંધાવી હતી,



મળતી માહિતી અનુસાર બોટાદના પાળીયાદ રોડ પર આવેલ કૃષ્ણનગર સોસાયટી શેરી નં.૪ માં રહેતા અને હીરાનુ કામ કરતા યુવાન બાબુભાઈ કેશુભાઈ પરમાર ગઈ તા. ૩ ઓકટોબર ના રોજ બાઈક લઈને તેમના ઘરે જઈ રહ્યા હતા ત્યારે તુરખા રોડ પર મનસુખભાઈ વાલજીભાઈ પરમારે તેમને સાદ પાડી ઉભા રાખ્યા હતા, તે દરમિયાન ભુપત ગોરધનભાઈ ચૌહાણે પાછળથી આવી બાઈકની ચાવી કાઢી લીધી હતી અને ઢીકાપાટુનો માર મારી શર્ટના ખિસ્સામાંથી રૂપીયા ૧૦ હજાર રોકડા બળજબરીપૂર્વક કાઢી લીધા હતા. દરમિયાન ૩ અજાણ્યા શખ્સો આવી ગયા હતા અને મારામારી કરી મોટર સાઈકલમાં તોડફોડ કરી હતી.

આ બનાવ અંગે બોટાદ પોલીસ સીવીલ હોસ્પીટલ આવી હતી પરંતુ આરોપી સાથે સારા સંબંધ હોવાથી નિવેદન નોંધ્યા વગર જતી રહી હતી. ત્યારબાદ બીજા દિવસે બાબુભાઈ પરમારે બોટાદ પોલીસ સ્ટેશન તેમજ ડીજીપી ને ઈમેઈલ કરીને અરજી કરી હતી. આ મામલે બાબુભાઈ એ પીઆઈ, ડીવાયએસપી તેમજ એસપી ને રજુઆતો કરવા છતાં નિવેદન તેમજ ગુન્હો નોંધવામાં ન આવતા બાબુભાઈ પરમારે તેમના વકીલ મારફતે બોટાદની ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં ભુપતભાઈ ગોરધનભાઈ ચૌહાણ અને ૩ અજાણ્યા શખ્સો તેમજ બોટાદ એસપી ધર્મેન્દ્ર શર્મા, ડીવાયએસપી મહષ નટવરભાઈ રાવલ તેમજ બોટાદ ટાઉન પોલીસ સ્ટેશનના પીઆઈ શૌરીન રમેશભાઈ ખરાડી વિરૂધ્ધ ફરીયાદ નોંધાવવા અરજી આપી છે.

# જન્મના દાખલામાં હવે માતાનુ નામ અને અટક લખી શકાશેઃ ગુજરાતમાં બર્થ સર્ટિફિકેટના નવા નિયમો લાગુ

પ્રતિનિધિ,ગાંધીનગર

જન્મ પ્રમાણપત્રની નોંધણીને લઈને મોટો બદલાવ આવ્યો છે, નિયમોમાં બદલાવ અંગે આરોગ્ય વિભાગે એડવાઈઝરી જાહેર કરી છે, બાળકના નામ સાથે માતા પિતાના નામ બાબતે આ એડવાઈઝરી જાહેર કરાઈ છે,




આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરાયેલી નવી એડવાઈઝરી અનુસાર હવેથી બાળકના જૈવિક પિતાનુ નામ ફરજીયાત લખવાનુ રહેશે, બાળકના નામ પાછળ માતાનુ નામ અને અટક રાખવા જરૂરી દસ્તાવેજ રજુ કરવા પડશે. કોર્ટ કસ્ટડીના હુકમ સહિતના દસ્તાવેજો રજુ કરવા પડશે, માત્ર બાળકનુ નામ રાખવુ હોય તો પણ રાખી શકાશે, બાળકના પિતાના નામ વગર પણ પ્રમાણપત્ર લઈ શકાશે, એડવાઈઝરી બાબતે જણાવ્યુ હતુ કે મળેલ મંજુરી અન્વયે રાજય કક્ષાએથી જન્મ મરણના સંબંધીત રજીસ્ટ્રારો દ્વારા સહાયક દસ્તાવેજોને આધારે અરજદારને નીચે મુજબના કિસ્સામાં જન્મ મરણના પ્રમાણપત્રમાં જરૂરી સુધારા / વધારા કરી આપવાના થાય છે. વધુમાં જણાવાયુ હતુ કે કેન્દ્ર સરકારના જણાવ્યા પ્રમાણે અરજદારની દ્વારા જન્મ કે મરણ પ્રમાણપત્રમાં કોઈપણ જાતનો સુધારો કરવો હોય તો જે તે રજીસ્ટ્રાર એક જ વાર સુધારો કરી શકે છે, પરંતુ પ્રવર્તમાન પરીસ્થિતિને ધ્યાને લેતા જો સરકાર તરફથી નિયમોમાં ફેરફાર થાય અને જન્મ મરણની નોંધવા ફેરફાર કરવાની જરૂર પડે તો રજીસ્ટ્રાર દ્વારા સહાયક આધાર / પુરાવાનો આધારે સુધારો કરવાનો રહેશે.

# જિગ્નેશ મેવાણીના સમર્થનમાં સોશીયલ મીડીયા પર ટ્રેન્ડઃ થરાદ, પાટણ, કચ્છ, સહિતના જિલ્લાઓમાં સમર્થનમાં રેલી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

કોંગ્રેસના વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ થરાદ પોલીસ મથકે પોલીસના પટ્ટા ઉતારવાની વાતને લઈને રાજકારણ ગરમાયુ છે, પોલીસ પરીવારના આક્રોશ બાદ હવે જિગ્નેશ મેવાણીના સમર્થનમાં અનેક લોકો રોડ રસ્તા પર ઉતર્યા છે, પાટણ, થરાદ, વાવ, કચ્છ સહિતના જિલ્લાઓમાં મોટી સંખ્યામાં લોકોએ પોલીસ સ્ટેશનની બહાર મોરચો માંડયો હતો, જિગ્નેશ મેવાણીના સમર્થનમાં નિકળેલી રેલી થરાદ કલેકટર કચેરીએ પહોચી હતી જેમાં સાંસદ ગેનીબેન ઠાકોર, બનાસકાંઠા કોંગ્રેસ પ્રમુખ ગુલાબસિંહ રાજપુત સહિત કોંગ્રેસના નેતાઓ પણ રેલીમાં જોડાયા હતા, થરાદ કલેકટર કચેરીમાં બેસીને દારૂ જુગાર અને હપ્તા બંધ કરાવવા ભારે સુત્રોચ્ચાર કરાયા હતા. વાવ થરાદ જિલ્લાના થરાદ ખાતે ધારાસભ્ય જિગ્નેશ મેવાણીના સમર્થનમાં મોટી સંખ્યામાં લોકો ઉમટયા હતા. જિગ્નેશ મેવાણીના સમર્થનમાં રેલીનુ આયોજન કરવામાં આવ્યુ હતું. આ રેલીમાં સાંસદ ગેનીબેન ઠાકોર અને બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ગુલાબસિંહ રાજપુત હાજર રહ્યા, જિગ્નેશ મેવાણીના સમર્થનમાં રેલી થરાદ ચાર રસ્તાથી કલેકટર કચેરી સુધી રેલી નિકળી હતી. જેમાં ડ્રગ્સ અને દારૂબંધીના મામલે આવેદનપત્ર અપાયુ હતું. તો બીજી તરફ પાટણ જિલ્લામાં આજે બુધવારે વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીને સમર્થન મળ્યુ હતુ, પાટણ જિલ્લા કોંગ્રેસ અને દલીત અધિકાર મંચના આગેવાનો અને કાર્યકરોએ રેલી યોજીને કલેકટરને આવેદનપત્ર આપ્યુ હતું. પોલીસ અધિકારીઓ સામે કરેલા નિવેદનના સમર્થનમાં પાટણ કોંગ્રેસે આવેદનપત્ર આપ્યુ હતું. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ઘેમર દેસાઈ, ધારાસભ્ય કિરીટ પટેલ સહિતના નેતાઓ હાજર રહ્યા, જેમાં લીસ્ટ આપ્યા બાદ પણ પોલીસ કાર્યવાહી નહી કરે તો જનતા રેડ કરવાની ચીમકી આપવામાં આવી હતી. તો બીજી તરફ કચ્છ જિલ્લામાં પણ જિગ્નેશ મેવાણીને સમર્થન મળ્યુ હતું. કચ્છમાં જિગ્નેશ મેવાણીના દારૂ અને ડ્રગ્સ નાબુદી માટે સમર્થનમાં રેલી બાદ આવેદનપત્ર અપાયુ હતું. બે દિવસ અગાઉ જિગ્નેશ મેવાણીએ પોલીસ વિરૂધ્ધ ટીપ્પણીને લઈને જિગ્નેશ મેવાણીનો વિરોધ કરાઈ રહ્યો હતો અને પોલીસ પરીવાર સાથેની રેલી કઢાઈ હતી. જેને લઈને મેવાણીના સમર્થકોએ પણ રેલી કાઢીને ભારે સુત્રોચ્ચાર કર્યા હતા, તેમણે કહ્યુ હતુ કે હવે દારૂ ડ્રગ્સના અડ્ડાઓ બંધ નહી થાય તો હવે જનતા રેડ કરાશે, મેવાણીનુ નિવેદન સમગ્ર પોલીસ તંત્ર વિરૂધ્ધનુ ન હતુ, સરકાર દ્વારા ખોટુ લોકોને ટોર્ચર કરીને રાજકીય રૂપ ઉભુ કરાયુ, કચ્છમાં આજે જિગ્નેશ મેવાણીના સમર્થનમાં રેલી અને આવેદનપત્ર અપાયુ હતુ, કચ્છ જિલ્લામાં વધતા દારૂ ડ્રગ્સના અડ્ડાઓ પર તાત્કાલીક કાર્યવાહી તથા નશામુકત અભિયાનને રાજકીય દબાણથી ગેરમાર્ગે દોરવાના પ્રયાસોની તપાસ કરવા બાબત અને તેઓ વિરૂધ્ધ યોગ્યસરની કાર્યવાહી કરવા અંગે કલેકટરને આવેદનપત્ર અપાયુ હતું. રાષ્ટ્રીય દલીત અધિકાર મંચ અને કોંગ્રેસ સાથે આજે બુધવારે કલેકટરને રૂબરૂ રજુઆત પણ કરાઈ હતી.






# એસઆઈઆર માં ફોર્મ ભરવાની છેલ્લી તક અપાઈ : ગુજરાતના ૧૮૨ મત વિસ્તારમાં તા.૨૯ અને ૩૦ નવેમ્બરે રાજયભરમાં યોજાશે કેમ્પ

પ્રતિનિધિ,ગાંધીનગર

કેન્દ્રીય ચુંટણીપંચની જાહેરાત બાદ ૯ રાજયો અને ૩ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં મતદાર યાદી શુધ્ધીકરણ ઝુંબેશ એટલે કે એસઆઈઆર ની કામગીરી ચાલી રહી છે. ગુજરાતમાં પણ ૪ નવેમ્બર થી આ કામગીરી શરૂ કરવામાં આવી છે. અત્યાર સુધી અનેક લોકોએ પોતાના ફોર્મ ભરી દીધા છે, પરંતુ હજુ કોઈ મતદાતાએ આ ફોર્મ ભરવામાં બાકી હોય તો હવે તેના માટે છેલ્લી તક અપાઈ છે,




તેવામાં આગામી તારીખ ૨૯ અને ૩૦ નવેમ્બરે રાજયની ૧૮૨ વિધાનસભામાં કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ છે. સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. આ ઝુંબેશમાં ગણતરીનો તબકકો ૪ ડીસેમ્બર ૨૦૨૫ સુધી ચાલવાનો છે, હાલમાં આ ઝુંબેશમાં જોડાયેલા જિલ્લા ચુંટણી અધિકારીઓથી માંડીને ચુંટણીતંત્રના સૈનિકો સમાન બીએલઓ સુધીનુ સમગ્ર ચુંટણી તંત્ર સુમેળ અને સહકાર ની ભાવના સાથે નાગરીકોને મદદરૂપ બનવા માટે પ્રયાસરત છે, રાજયભરના બીએલઓ ગણતરી ફોર્મના વિતરણ, ફોર્મ ભરવા તથા ૨૦૦૨ ની યાદીમાંથી નામ શોધવામાં મદદ કરીને ફોર્મમાં ભરવાની થતી વિગતો બાબતે નાગરીકોને માર્ગદર્શન આપી રહ્યા છે, મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશમાં નાગરીકોને મદદરૂપ થવા માટે ખાસ કેમ્પનુ પણ આયોજન કરવા પણ મુખ્ય નિર્વાચન અધિકારી હારીત શુકલાએ સુચના આપી છે. જે અંતર્ગત સમગ્ર રાજયમાં તારીખ ૧૫ અને ૧૬ નવેમ્બર તથા ૨૨ અને ૨૩ નવેમ્બર ૨૦૨૫ ના રોજ ખાસ કેમ્પો યોજવામાં આવ્યા હતા. આજ શ્રૃંખલામાં હવે તારીખ ૨૯ અને ૩૦ નવેમ્બર ૨૦૨૫ એમ બે દિવસ માટે રાજયના તમામ ૧૮૨ વિધાનસભા મતવિસ્તારોમાં તાલુકા સ્તરે કેમ્પ યોજવા માટે મુખ્ય નિર્વાચન અધિકારીએ જિલ્લા ચુંટણી અધિકારીઓને સુચના આપી છે. આવા કેમ્પમાં મામલતદાર, પ્રાંત કચેરીનો સ્ટાફ ઉપસ્થિત રહીને મતદારોને મદદ કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજયના મતદારો પોતાના વિધાનસભા મતવિસ્તારની કચેરીએ ગણતરી ફોર્મ જમા કરાવી શકશે તથા ૨૦૦૨ ની મતદાર યાદીમાં તેમના નામો શોધવા માટે મદદ પણ મળી રહેશે. મુખ્ય નિર્વાચન અધિકારીએ આ કેમ્પોમાં મહત્તમ લાભ મેળવીને ગણતરી ફોર્મ ભરીને સુપ્રત કરવા પણ નાગરીકોને અપીલ કરી છે, જેથી સમય મર્યાદામાં ગણતરી ફોર્મ જમા કરાવી નાગરીકો આગામી તારીખ ૯ ડીસેમ્બર ૨૦૨૫ ના રોજ જાહેર થનાર ડ્રાફટ મતદાર યાદીમાં તેમનુ નામ સુનિશ્ચિત કરાવી શકે.

# મેવાણીએ ગુજરાતના ડીજીપી ને ચોખ્ખે ચોખ્ખુ સંભળાવી દીધુ તમારૂ નામ વિકાસ સહાય છે તો ગુજરાતની જનતાને સહાય કરો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં હવે પોલીસના પટ્ટા ઉતારવાની વાતને લઈને રાજકારણ ગરમાયુ છે, આ મામલે હવે કોંગ્રેસના ધારાસભ્ય જિગ્નેશ મેવાણી અને રાજયના પોલીસવડા આમને સામને આવી ગયા છે.

ગઈ કાલે ગુજરાતના ડીજીપી વિકાસ સહાયે પોલીસ સામે બોલનારા સહન ન કરવા પોતાના ડીપાર્ટમેન્ટના લોકોને સુચના આપી હતી. તેની પર આજે કોંગ્રેસના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ જવાબ આપ્યો હતો. મેવાણીએ ડીજીપીને ચોખ્ખે ચોખ્ખુ સંભળાવતા કહી દીધુ હતુ કે મોટા અધિકારીઓ ભ્રષ્ટાચાર કરી રહ્યા છે તેમની સામે કાર્યવાહી કરો, તમારૂ નામ વિકાસ સહાય છે તો ગુજરાતની જનતાની સહાય કરો અને દારૂ તેમજ ડ્રગ્સ બંધ કરાવો, ગઈ કાલે અમદાવાદમાં યોજાયેલા ડીજીપી ડેસ્ક એવોર્ડ કાર્યક્રમ દરમિયાન રાજયના ડીજીપી વિકાસ સહાયે પોલીસ વિભાગને લઈને મહત્વપૂર્ણ નિવેદન આપ્યુ હતું. તેમણે પોતાના સ્ટાફને સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ હતુ કે પોલીસ ડીપાર્ટમેન્ટના બહારના કોઈ વ્યકિત પોલીસ કર્મીને કહી જાય તે સહન કરવાની જરૂર નથી, વધુમાં તેમણે જણાવ્યુ હતુ કે જયાં સુધી પોલીસ કર્મી ની ભુલ કે ખામી ની વાત છે ત્યાં તેઓએ ઈશારો કરતા જણાવ્યુ હતુ કે પોલીસકર્મી ભુલ કરે તો તેના પર કાર્યવાહી કરવાનો અધિકાર વિભાગનો છે, બહાર કોઈને બોલવાની જરૂર નથી. આ નિવેદન દરમિયાન તેમણે કોઈનુ નામ લીધુ ન હતું.




પરંતુ ઈશારો ધારાસભ્ય જિગ્નેશ મેવાણી તરફ હોવાના સંકેત માનવામાં આવી રહ્યા હતા, ડીજીપી વિકાસ સહાયની સ્પીચ સાંભળતા કાર્યક્રમમાં હાજર પોલીસ અધિકારીઓ તેમજ પોલીસ પરીવારના સભ્યોએ તેમના નિવેદનને સમર્થન આપતા તાળીઓ પાડી હતી. તો બીજી તરફ જિગ્નેશ મેવાણીના સમર્થનમાં આજે ઉત્તર ગુજરાતમાં મોટી સંખ્યામાં લોકોએ રેલી કાઢી કલેકટરને આવેદનપત્ર આપ્યુ હતું. જિગ્નેશ મેવાણીના સમર્થનમાં રેલીનુ આયોજન કરાયુ હતું. આ રેલીમાં સાંસદ ગેનીબેન ઠાકોર અને બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ગુલાબસિંહ રાજપુત હાજર રહ્યા હતા. જિગ્નેશ મેવાણીના સમર્થનમાં રેલી થરાદ ચાર રસ્તાથી કલેકટર કચેરી પહોચી હતી. કલેકટર કચેરીમાં પહોચી જિલ્લા કલેકટરને ડ્રગ દારૂની બદી બંધ કરાવવા માટે આવેદનપત્ર અપાયુ હતું.

# પાલનપુરની પોસ્ટલ આસિ.નો મોબાઈલ હેક કરી ગઠિયાએ ૯૭ હજારની ઠગાઈ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)પાલનપુર

પાલનપુરના લક્ષ્મીપુરા રોડ ખાતે રહેતી અને પોસ્ટલ આસિસ્ટન્ટની નોકરી કરતી મહિલાને અજાણ્યા મોબાઈલ ધારકે હું બેન્ક ઓફ ઈન્ડિયાનો મેનેજર બોલું છું. કહી વાત કરી મોબાઈલ હેક કરી ખાતામાંથી ૯૯,૯૪૭ રૂપિયા ઉપાડી લીધા હતા. મહિલાએ પોતાની સાથે ઓનલાઈન છેતરપિંડી આચરનાર ગઠિયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

પાલનપુરના લક્ષ્મીપુરા રોડ બાજુ આવેલ રામજીનગરમાં રહેતા અને પોસ્ટ ઓફિસમાં પોસ્ટલ આસિસ્ટન્ટ તરીકે નોકરી કરતા સીમાબેન રોઝને કોઈ અજાણ્યા વ્યક્તિએ ફોન કરીને બેન્ક ઓફ ઈન્ડિયાનો મેનેજર બોલું છું તમારી શું મદદ કરી શકું કહ્યું હતું. ત્યારે સીમાબેને જણાવ્યું હતું કે મારો એક ચેક રિટર્ન થયેલો છે.

જેથી બેન્ક મેનેજરની ઓળખાણ આપનાર વ્યક્તિએ તમારું નેટ બેન્કિંગ બંધ છે અને તેના લીધે તમારો ચેક રિટર્ન થયેલ છે. તેવી વાત કરી બીજા નંબર ઉપરથી લિન્ક મોકલી હતી. જેનાથી સીમાબેનનો મોબાઈલ સ્વીચ ઓફ થઈ ગયો હતો.